Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA


Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૬ · તા. ૧૨ થી ૧૮ એપ્રિલ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## પશ્ચિમની સંપત્તિદાનની નવી ફીલોસોફીની સમજણ આપતી પુસ્તિકા : દાન આપવાનો અભિનવ પ્રયોગ

દાન આપવાનો અભિનવ પ્રયોગ: ('વી ગેવ અવે અ ફોર્ચ્યુન') નો સંક્ષિપ્ત ભાવાનુવાદ અને બીજા લેખો) સંક્ષેપ અને સંકલન **સોનલ પરીખ** પ્રકાશક **મુંબઈ સર્વોદય મંડળ** અને ટ્રસ્ટીશીપ ફાંઉડેશન,

પ્રાપ્તિ સ્થાન : **ગાંધી બુક સેંટર**, ૨૯૯ તાડદેવ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭ ફોન ૦૨૨-૨૩૮૭૨૦૬૧




વ્યક્તિ દાન કરવા પ્રેરાય છે તેની પાછળ ભાવનાનું બળ જરૂર હોય છે. પણ દાનનો યોગ્ય અને ન્યાયી તેમ જ દીર્ઘજીવી પ્રભાવ રહે તેવું કરવા માટે દાનની પ્રક્રિયામાં એક વિચાર, એક પદ્ધતિ હોવી જરૂરી બની જાય છે.

એક અંગ્રેજી પુસ્તક છે 'વી ગેવ અવે ફોર્ચ્યુન'. આ પુસ્તકમાં અમેરિકાના મોટા દાનવીરોની કહાણીઓ છે. આ કહાણીઓમાં જગતભરમાં દાનનો પ્રવાહ વહેતો કરે તેવી જબરદસ્ત પ્રેરણા છે તેમ જ દાનની પ્રક્રિયા વિષે પણ વિચાર થયેલો છે. તેમાં આપેલા કિસ્સા અનેક રીતે માહિતીપુર્ણ અને ઉપયોગી છે.

લેખકોમાંના એક ક્રિસ્ટોફર મોગિલે જ્યારે જાણ્યું કે તેમને મોટો વારસો મળ્યો છે ત્યારે તેમના મનમાં એક મુંઝવણ જાગી કે ઘણાખરા લોકો ગરીબ છે તેવી સ્થિતિમાં, પોતે આટલા બધા ધનના માલિક બને તે યોગ્ય નથી. આ નાણાંનો ઉપયોગ તેમણે બહેતર જગતનું નિર્માણ કરવા માટે વાપરવાનો નિર્ણય કર્યો, પણ એ કરવું કઈ રીતે? થોડા પ્રયોગો કર્યા બાદ તેમને જણાયું કે દાન કરવું એ લાગે છે તેટલું સરળ નથી. ઘણી વ્યવહારિક મુંઝવણો સામે આવે છે .તેમણે આ માટે વિવિધ સંસ્થાઓમાં જવા માંડયું. મોટાભાગની સંસ્થાઓ નાણાંની વ્યવસ્થા કેવી રીતે કરવી તેનો માર્ગ બતાવતી હતી, પણ એક સંમેલનમાં એક મહિલાએ પ્રશ્ન ઉઠાવ્યો કે આપણે આપણી સંપત્તિનું દાન કરવાનો રસ્તો કેમ નથી વિચારતા? આના પરિણામે સમાન વિચારોવાળા લોકોનું એક નાનું જુથ રચાયું. કેવી રીતે નિર્ણય લેવો? ક્યા માપદંડોના આધારે નિર્ણય લેવો? તેનાં સારાંમાઠાં પરિણામ શાં હોઈ શકે? તે સંદર્ભે તેમણે શોધખોળ શરૂ કરી. ચાર વર્ષના ગાળામાં ચાલીસ જેટલા દાનેશ્વરીઓને મળી તેમણે નિષ્કર્ષ કાઢ્યો કે દાન કરવાથી કોઈ અનર્થકારી પરિણામો તો આવતાં જ નથી બલ્કે સુખપુર્વક, ન્યાયનિષ્ઠ ને પ્રામાણિક જીવન જીવવાનો એક મોકો મળે છે અને અજબ સંતોષ મળે છે. આ સૌએ એકમતે જણાવ્યું કે ભોગવાદી અને નફાખોર એવી આ સંસ્કૃતિમાં પણ ઉચ્ચ મુલ્યો અને આદર્શો પ્રમાણે જીવન શક્ય છે અને તેનાથી જ માનસિક શાંતિ તથા સંતોષ મેળવી શકાય છે. ચુક નામના સજ્જને ૯૦ ટકા અને ક્રિસ્ટોફરે પોતે તમામ વારસાઈ સંપત્તિનું દાન કર્યું. તેઓ લખે છે, 'દાન કરીને અમે કોઈ ભગીરથ ત્યાગ કર્યો છે તેવું નથી. ઊલટું, અમે તો પ્રિયજનને ભેટ આપવાથી થાય તેવો સંતોષ અને કર્તવ્ય બજાવવાની સાર્થકતાનો અનુભવ કર્યો છે. હવે અમારું જીવન વધુ સમૃદ્ધ અને સંગીન બન્યું છે.'

આ પુસ્તક અંગત તેમ જ પ્રત્યક્ષ મુલાકાતો પર આધારિત છે અને જેમની પાસે વધારાની ફાજલ સંપત્તિ હોય, જેઓ આ દુનિયામાં પરિવર્તન આણવામાં પોતાનો કંઈક ફાળો આપવા માગતા હોય તેવો લોકોને મદદરૂપ થવા લખાયેલું છે.

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 16/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કચ્છી દશા ઓસવાલોના સામાજિક ખર્ચ અને ધર્માદાનું મુલ્યાંકન

તિલકચંદ કુંવરજી લોડાયા ચેન્નઈ Email : ourbrotherhood@yahoo.co.in

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ જેમ કચ્છમાંથી વહેલું સ્થળાંતર કરી, વહેલી સમૃદ્ધ થનારી જ્ઞાતિ છે તેમ પોતાની આવકનો અમુક ભાગ સ્વૈચ્છિક રીતે સમાજ માટે આપવા તથા ધર્માદા કરવાને સાંસ્કૃતિક ફરજ તરીકે વહેલા સ્વીકારનારી જ્ઞાતિ છે.

જ્ઞાતિના આ ગુણે જ તેને કચ્છ - ગુજરાત અને દેશભરના સમાજોમાં માન અપાવ્યું છે. અલબત્ત, છેલ્લા કેટલાક દાયકાઓથી સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. આવા સમયમાં માત્ર સમાજ માટે ખર્ચ થાય કે ધર્માદાના કામો થાય એટલું પુરતું નથી, એ સમયોચિત રીતે થાય છે કે નહીં એ પણ મહત્વનું છે.

મને આ સંબંધમાં કોરપોરેટ કલચરના ભાગ રૂપે કંપનીઓની સામાજિક જવાબદારીની જે વિભાવના સ્વીકારવામાં આવી છે તેની વાત કરવાનું ગમશે. હવે એવું મનાય છે કે કંપનીના સંચાલકોએ તેમના નિર્ણયો એવી રીતે લેવા જોઈએ, તેમના કાર્યો એવી રીતે થવા જોઈએ કે તેમના પોતાને અને તેમના શેરહોલ્ડરોને તો ફાયદાથાયજ એટલું જ નહિં કંપની જે સમાજનો ભાગ છે તેને પણ ફાયદો થાય. કમ્પનીના સંચાલકોને તેના નિર્ણયો લેતી વખતે તે વેપારી રીતે સફળતા અપાવે તોની સાથે નીતિની દ્રષ્ટિએ યોગ્ય, સામાજિક રીતે જવાબદારીભર્યા, પર્યાવરણની દ્રષ્ટિએ અનુરૂપ, ગ્રાહકોની આવશ્યકતા પુરી કરનારા અને માનવ સુખાકારીને મહત્તમ કરનારા હોય એવી અપેક્ષા રખાય છે. એ રીતનું કંઈક સામાજિક ખર્ચ કરતા કે ધર્માદા કરતા પણ ધ્યાનમાં રાખવું જોઈએ એમ મનાય છે.

આપણે સમુદાયના સભ્યો અને સામાજિક સાહસવીરો તરીકે આપણી જાતને આના જેવી સ્વયં સ્વીકારેલી શિસ્તમાં ન બાંધી શકીએ? જ્ઞાતિના ૧૦૦ મોટા દાનવીરો પણ જો આ પ્રકારે ધ્યેયપુર્ણ રીતે દાન કરે, તોય ઘણું સિધ્ધ કરી શકાય.

આ સંબંધમાં હું કોઈમ્બતુરની આસપાસ છેલ્લા ૧૦૦ વર્ષમાં વસનાર નાયડુ અને તેલુગુ સમુદાયને ધ્યેય પુર્ણ દાન કરીને જે સિધ્ધ કર્યું તેનું ઉદાહરણ આપવા ચાહીશ. આ સમુદાયે નક્કી કર્યું કે તેના દરેક કુટુંબ પાસે પોતાની જમીન ઉપરાંત એક ઉત્પાદન કરતું એકમ હોવું જોઈએ. સમુદાયે પોતાની માલિકીના શાળા - કોલેજ - હૉસ્પિટલ - કલ્યાણ મંડળ (લગ્ન હોલ) બનાવવા જોઈએ અને ચલાવવા જોઈએ.

આ સમુદાયે પોતાના ધ્યેયને પાર પાડવા માટે વ્યવસ્થિત રીતે કામ કર્યું અને સફળતા મેળવી. આજે કોઈમ્બતુરવાસીઓને એ સમુદાય માટે આદર છે. તેઓ તેને પોતાનું ગૌરવ માને છે. આ આખો સમુદાય સમૃધ્ધ છે અને કોઈમ્બતુરના સમાજજીવન પર વર્ચસ્વ ધરાવે છે કારણકે તેમણે ઊભી કરેલી બધી સંસ્થાઓ ઉત્પાદક, કાયમી અને સામાજિક કલ્યાણ અભિમુખ છે.

આ બધી વાતો ધ્યાનમાં લઈને હું કચ્છી દશા ઓસવાલ જૈન સમુદાયના ભાઈ - બહેનોના ભલા માટે, સામાજિક હેતુ માટે ખર્ચ કરતાં કે ધર્માદો કરતાં ધ્યાનમાં રાખવાની બાબતોની વાત કરીશ. આપણે આ સંબંધમાં નીચેના પ્રશ્નોના ઉત્તરને આધારે મુલ્યાંકન કરવું જાઈએ અને નિર્ણયો લેવા જોઈએ.

- શું તે દાનથી કાયમ માટે ઉપયોગી સામાજિક મિલકત ઊભી થશે?
- શું તે દાનથી થોડા દિવસવાહ - વાહ મળશે અને પછી થોડા દિવસમાં તે ભુલાઈ તો નહીં જશે ને?
- શું તે સમુદાયના સભ્યોને સાથે લાવશે અને તેમને સુમાહિતગાર બનાવશે?
- શું તો સમુદાયના લોકોનો લાંબાગાળાનો ઉત્કર્ષ સાધશે?
- શું તે સુવિધા ક.દ.ઓ. જૈન સમુદાયને લાંબા અને ટુંકા ગાળામાં સહાયરૂપ થશે?
- શું તે દાન વ્યક્તિ અને સમુદાયને ખરેખર ધાર્મિક અને આધ્યાત્મિક રીતે આગળ વધારશે?
- શું તે દાન સમુદાયના શૈક્ષણિક ધોરણો તથા બૌદ્ધિક સ્તરને સુધારશ?.
- શું તે સમુદાયના લોકો વચ્ચેના સંપર્કમાં વધારો કરી, ભાઈચારાની ભાવના જગાડશે?
- શું તે આપણી જ્ઞાતિની મહિલાઓનું સશક્તિકરણ કરશે?
- શું વપરાતી રકમ તેના ધ્યેયના મહત્વને અનુરૂપ છે?
- શું એ રકમનું આત્માના ઉચ્ચ સ્તરીય ધ્યેયો સાથે ઔચિત્ય છે?
- તો દાન ક.દ.ઓ. સમુદાયની વ્યક્તિઓની સજ્જતા વધારી તેમનો સ્વાવલંબી બનાવવામાં સહાયરૂપ થશે?
- તેવી ભેટ, સ્વીકારનારની વિકાસ કરવાની પ્રેરણા નષ્ટ કરી તેમનામાં સહાય મેળવવાની આદત તો નહીં પાડી દેને ?
- શું તે દાનથી આરોગ્ય જરૂરતો કાયમી માટે પુરું પાડનારી સુવિધા ઊભી થશે?
- શું તો દાન એકંદરે પ્રગતિમાં પરિણમશે?

આપણે કચ્છી દશા ઓસવાલો આપણા સામાજિક ખર્ચ તથા ધર્માદા માટેના સાધનોને યોગ્ય દિશામાં વાળી શકશું તો મને ખાતરી છે કે આવતા દસ વર્ષોમાં આપણે સમુદાય - જ્ઞાતિને નવી ઊચાંઈએ લઈ જઈ શકશું.

આપણે ઓછામાં ઓછા ખર્ચામાં વધુમાં વધુ લાભ મેળવવાનો કીમીયો શીખવો જ રહ્યો.


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## ભુજપુર મંદિરે ચૈત્ર નવરાત્રે ઉજવણી

શ્રી જિનેન્દ્ર જ્યોતિધામ મંદિર ભુજપુર સ્થાને દેવ - દેવીઓ ગુરુ મુર્તિઓના અભિષેક સાથે ચૈત્ર સુદ ૮ સોમવાર તા. ૭.૪.૧૪ના મહાપુજા - માતાજીનું હવન પુજન શણગાર સહિત ભવ્યરીતે ચૈત્ર નવરાત્રે પુજ્ય યતિશ્રી હસ્તક ઉજવાયેલ. ખાસ મુંબઈથી પુજનના ફુલો હેમેન્દ્ર વિસનજી લોડાયાએ મોકલતા બધી મુર્તીઓ ગુલાબના ફુલોમય બની ગયેલ. આખો દિવસે મંદિર માના પુજન - ગુંજન - શણગાર - પ્રભાવના - જીવદયા પ્રવૃતિથી ધમધમતું રહેલ. યતિશ્રીએ સૌને મંદિરના વિસ્તાર - જિર્ણોદ્ધારમાં સહાય રૂપ થવા ખાસ આમંત્રણ આપી પુન્ય ઉપાર્જન લેવા જણાવેલ. હર્ષવર્ધને આભાર વ્યક્ત કરેલ.

## ભુજપુર શ્રી જિનેન્દ્ર જ્યોતિધામ મંદિરના વિસ્તૃતીકરણ - જિર્ણોદ્ધાર માટે અનુદાન સરવાણી

ભુજપર શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિરના વિસ્તૃતીકરણ - જિર્ણોદ્ધાર ભંડોળમાં વધુને વધુ ઉદાર દિલ ભાવિક પરિવારો દાન સરવાણી વહાવી રહ્યા છે. યતિશ્રીએ તેમની લાગણી માટે ખુબ ખુબ અનુમોદના કરી છે. ગુરુભક્ત શ્રી હેમેન્દ્ર વિસનજી લોડાયાએ દીકરી ચિ. ઈશ્વરીની સગાઈની ખુશાલીમાં રૂા. ૨૧૦૦૦ તથા તેમના વેવાઈ શ્રી તલકચંદ મૈશેરીએ ચિ. જિગરની સગાઈના શુભપ્રસંગ નિમિત્તે રૂ ા. ૧૧૦૦૦ લખાવી અનુકરણીય દ્રષ્ટાંત પુરું પાડયું છે.

અન્ય શુભેચ્છકો શ્રી હીરાચંદ વસનજી શાહ - માટુંગા, શ્રી નિતીન રાયચંદ ધરમશી - મૈસુર, શ્રી સેજસ શાન્તીલાલ લોડાયા - ઔરંગાબાદ, શ્રી ખીરેન્દ્ર લખમીચંદ લોડાયા - વડોદરા, શ્રી કીરીટ પ્રાણલાલ સોની, ભુજપુરએ પણ ફાળો નોંધાવ્યો છે. યતિશ્રીએ તેમનેય અનુમોદના સહ આશીર્વાદ આપ્યા છે.

યતિશ્રીએ મંદિરના રંગમંડપના વિસ્તારથી દર્શન ભક્તિ આરાધના સુંદર થવા પામશે એમ સુચવી ઉદાર દિલ ભાવિકોને ભક્તિ માટે શુભેચ્છા આપી, આ ધર્મ કાર્યમાં અન્ય સૌને જોડાવવા આમંત્રણ આપેલ.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટબોર્ડની સભા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડની ૧૪મી સભા, રવિવાર તા. ૫ એપ્રીલ ના મુલુંડ ખાતે મુંબઈ મુકામે મળેલ, જેમાં કોચીન, ગાંધીધામ, રાજકોટ, સાંગલી, હૈદ્રાબાદ, મુંબઈના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આગામી જ્ઞાતિ સમ્મેલન મળે ત્યારે વર્તમાન મહાસમિતી બરખાસ્ત થાય અને નવી મહાસમિતી રચાય તદ, અનુસાર કાર્યવાહી હાથ ધરવા મહાસમિતીની બેઠક મુંબઇ મુકામે તા. ૧૫.૫.૧૪ રવિવારના બોલાવવાનું નક્કી થયું.

કે.ડી.ઓ. બર્ડ - ૨, કેલેન્ડર સંબધી અહેવાલ અને ખર્ચની રજુઆત કરવામાં આવી. કેલેન્ડરના મુદ્રણ - વિતરણમાં મોડા પડીએ છીએ તે વસ્તુસ્થિતીને ધ્યાનમાં લઈ હવેથી ૩ મહિના વહેલા આ કાર્યવાહી હાથ ધરવાનું નક્કી થયું.

આગામી ઓગષ્ટ, ઓક્ટો ૨૦૧૪ માં યોજનાર યુથ એક્સચેંઝ કાર્યક્રમની રૂપરેખા પર ચર્ચા વિચારણા થઈ.

૧ લી એપ્રીલ ૨૦૧૪ થી અમલમાં આવેલ શેઠ સમસ્ત જ્ઞાતિ આકસ્મિક વિમા યોજનને વધાવવામાં આવી. સમિતિ તેમજ આ યોજનાના આર્થિક સહયોગી શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીઆ કે જેઓ સમસ્તના મેનેજીંગ ટ્રસ્ટી પણ છે, તેમની અનુમોદના કરવામાં આવી.

**જૈન લઘુમતિ દરજ્જો પ્રાપ્ત થતાં, તે અંગે પ્રવર્તતી ગેરસમજણો, તેનાથી થનાર ફાયદાઓ વિગેરે વિષય પર એક સેમિનારનું આયોજન મુંબઈ મુકામે ૧૫ જુન ૧૪ના યોજવાનું નક્કી થયું.**


**શુભેચ્છાઓ સહ...**

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**


**MRL Group of Companies**

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર


(રંગપુર-કોઈમ્બતુર)



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# નાગડા, લોડાયા (અજાણી) તેમજ ખોના પરિવારનું ગૌરવ
# પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપનીમાં ડાયરેક્ટર થયા

## !!! અભિનંદન !!!



## CA નિર્મલ લહેરચંદ ઉમરશી નાગડા (કક્કા)

### (નલીયા: વડાલા - ભાંડુપ)

**Director K.P.M.G. BSR & COLLP (KPMG)**
**International Tax & Regulatory Dept.**

જાણીતી ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ BSR & COLLP (KPMG) કંપનીમાં સીનીયર મેનેજર તરીકે શ્રેષ્ઠ સેવા આપનારા શ્રી નિર્મલ નાગડાને તેમની કાર્યદક્ષતા ને ગુણવત્તા-સભર સેવાઓની કદર રૂપે Management એ ડાયરેક્ટર પદે નિયુક્ત કર્યા છે. તે બદલ તેમને અનેકાનેક અભિનંદન અને ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરતા રહે એવી હાર્દિક શુભેચ્છા ઓ.

સતત વિસ્તારી ક્ષિતિજો,
હવે આકાશ માપજો,
શુભેચ્છા એવી અમ અંતરની,
સૌની આન, બાન, શાન વધારજો.

**શુભેચ્છક**

| | | |
|---|---|---|
| દાદાણા | : | માતુશ્રી લક્ષ્મીબાઈ રતનશી ખેતશી ભાણજી નાગડા પરિવાર (નલીયા) |
| | | માતુશ્રી જમકુબાઈ ઉમરશી ખેતસી નાગડા પરિવાર (નલીયા) |
| નાનાણા | : | માતુશ્રી લીલબાઈ ગોવિંદજી શામજી લોડાયા અજાણી પરિવાર (કોઠારા) |
| શ્વસુર પક્ષ | : | ટોકરશી ગોવિંદજી માંયા ખોના પરિવાર (સુથરી) |
| માતા - પિતા | : | સૌ. હંસા લહેરચંદ નાગડા |
| પત્ની - પુત્રો | : | દર્શના, આયુષ તથા યશ |
| ભાઈ - બહેન | : | સૌ. ડીમ્પલ વિપુલ લાલજી ધરમશી (સાંધાણ - બારશી) |
| | | સૌ. શીતલ નિલેશ ઠાકરશી ડાઘા (વરાડીયા - આદિપુર) |
| | | સૌ. રીના જીગર કિશોર શિયાડ, (જખૌ - વાપી), |
| | | તેજલ મહેન્દ્ર નાગડા , કેવલ અને હિમાંશુ |

## EVALUATION OF SOCIAL SPENDING AND CHARITY BY KDOS

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

Basically, as a cultural ethos, each KDO Jain voluntarily uses a portion of his income towards social welfare and charity, depending on his/her capacity, likings and tastes. The purpose of this article is not, repeat not, judgemental as to why, what for and where for which object the money is spent. Everyone is free to spend his/her money towards any object which is dear to him and his family. He is spending his own money. The limited purpose of this write up is to make aware our people as to whether any direction can be thought of to explore and evaluate various available alternative avenues, which may provide varying degree of benefits to our community people. Just like the Charities done by Bill and Lynda Gates, Warren Buffet etc. can we also do some due diligence and evaluation of various alternatives to fetch the charity done by them the highest value for their Billions. I propose to draw a parallel with the present day Corporate world.

The contemporary corporate decision-maker is placed in an environment which demands a wider outlook than a narrow laser-like focus on profit and shareholder values. He has to take into consideration the needs, interests and demands of the employees, customers, suppliers, community and the environment. He cannot and should not ignore the factors which lead to immediate commercial success like productivity, profit, quality and customer satisfaction. But he must also take into consideration other factors which determine the long-term effectiveness or sustainability of the organization like employee motivation, satisfaction or well-being, ethics and transparency, social responsibility, environmental preservation. We can find this recognition of the complexity of the emerging corporate scene in the "MBA Oath" which is a recent initiative of a grass root movement of MBA students to restore ethical standards in management education. The first paragraph of the oath states:

*"As a manager, my purpose is to serve the greater good by bringing people and resources together to create value that no single individual can create alone. Therefore I will seek a course that enhances the value my enterprise can create for society over the long term. I recognize my decisions can have far-reaching consequences that affect the well-being of individuals inside and outside my enterprise, today and in the future. ...."*

***"Therefore I promise:***

" I will act with utmost integrity and pursue my work in an ethical manner. *I will safeguard the interests of my shareholders, co-workers, customers and the society in which we operate. I will manage my enterprise in good faith ..."*

The new or the future manager must be able to assess the impact of his decision on the stakeholders and the totality of the larger whole of which his organization is a part or in other words the capacity for holistic decision-making, which has to be:

- Commercially successful.

- Ethically sound.
- Socially responsible.
- Environmentally sustainable.
- Serve customer needs.
- Maximize human wellbeing.

Can we as a community members and social entrepreneurs apply on ourselves some similar self imposed disciplines? It is achievable even if only top 100 philanthropists of our community become like Bill Gates or Narayana Murthy. I am tempted to cite the example of Naidu and Telugu community who settled around Coimbatore more than a century back. Each family in this community had predetermined goals. Apart from owning agricultural lands their goals were to have a manufacturing facility, own and run a School, High School and College/s; own and run a Hospital; Own a Kalyan Mandapm ( Marriage Hall). By a methodical and systematic pursuit of their goal they achieved all that they wanted and of which Coimbatore is proud of. The entire community is prosperous and it dominates the social life of Coimbatore because all these are productive, permanent and socially welfare oriented institutions.

Following are a few suggested yardsticks which may be applied as a touch stone before a decision to spend a large amount of Charity is taken by a philanthropist for the benefit of the brothers and sisters of the KDO Jain Community:-

- Will it create a Permanent useful Social Asset?;
- Will it result in a temporary appreciation and just to be forgotten in few days?
- Will it bring members together and make them informed ?;
- Will it uplift the community people on long term basis?;
- Will the facility help the community people in the short and long run ?;
- Will it truly enhance the religious and spiritual objectives ?
- Will it improve the educational standards, infrastructure and intellectual levels?;
- Will it improve the connectivity and spirit of brotherhood;
- Will it empower our women?;
- Is the quantum of amount to be spent is worth the cause?;
- Does the spending evolves souls to higher levels of existence?;
- Does it enhance the skills so that they become economically independent ?;
- Will the encouraging the help receiving habit damage the motivational levels ?;
- Will it create facility to permanently meet the health needs ?;
- Will it result in the overall growth?

If we the KDOs are able to manage to channelize our scarce resources pertaining to social spending and charities, I am sure, in next ten years, we can take community to greater heights. We have to attempt to have Maximum benefits from Minimum spending.

## ચૌથી પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



# માતુશ્રી નવલબાઈ મણિલાલ દંડ

(કચ્છ - સાંધવ - ગોરેગામ)

**જન્મ :** તા. ૨૧.૦૪.૧૯૩૫

**અરિહંત શરણ :** તા. ૦૯.૦૪.૨૦૧૦

વ્હાલા વડલા જેવું સદેહે આપનું જીવન અમારા પરિવારજનોની વચ્ચે હાજર નથી છતાં અમારા સોના હૈયામાં આપની ઉપસ્થિતિની અલૌકિક અનુભુતિ થાય છે. પરમ તત્વને પામવાની શોધ ગતિશીલ રાખવાના સંકલ્પ સાથે દિવ્ય અનુસંધાન સાધનાર યાત્રાગામી માતુશ્રી નવલબાઈના આત્મા પ્રતિ શ્રધ્ધા સુમન સમર્પિત કરી અમે અંત:કરણ પુર્વક અંજલિ આપીએ છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા પાવનકારી આત્માને પરમ શાન્તિ આપે એજ પ્રાર્થના.....

**આપના આશીર્વાદ શુભાકાંક્ષી :**
**આપની સ્મૃતિમાં પરિવારજનો**

**-:પુત્ર - પુત્રવધુ:-**

અ.સૌ. દમયંતિ પ્રફુલચંદ્ર દંડ

**-:પૌત્ર - પૌત્રવધુ:-**

અ.સૌ. જસ્મીના (પીંકી) દેવેન્દ્ર દંડ

અ.સૌ. નિશા જીતેન્દ્ર દંડ,

અ.સૌ. દિપાલી કમલેશ દંડ

**-:પર - પૌત્ર:-**

રોનક - ભાવેશ - મયંક - યશ

સમસ્ત કુંવરજી શામજી દંડ પરિવાર (સાંધવ)

સમસ્ત માતુશ્રી જેતબાઈ જેઠાભાઈ મોતા પરિવાર (લાખણિયા)

## હેમંત ધરમશી સીએની ઈન્સ્યુરન્સ સંબંધી પરીક્ષામાં તૃતીય



હેમંત પ્રવીણ ધરમશી (કોઠારા - સુરત) એ ઈન્સ્ટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્સ દ્વારા લેવાયેલ ડીપ્લોમા ઈન ઈન્સુરન્સ એન્ડ રીસ્ક મેનેજમેન્ટ પરીક્ષા સમસ્ત ભારતમાં તૃતિય ક્રમે પાસ કરેલ છે.

જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા યોજવામાં આવેલ નિબંધ સ્પર્ધામાં હેમંતના અંગ્રેજી નિબંધ "A Cultured Couple - A Secure Jain Community" ને દ્વિતીય સ્થાન મળેલ છે અને હેમંતને તે સંબંધે સર્ટીફીકેટ તથા ટ્રોફી પણ મળેલ છે.

## એક આગવી ક.દ.ઓ. પ્રતિભા



**રિતેશ લલિત શાહ** (નાસિક - સુથરી)

ડિસેંબર ૨૦૧૩માં Insead Business School, France માંથી આંતરરાષ્ટ્રીય ડિગ્રી ૨૦૦૫માં ટેકસાસ યુનિર્વસિટી યુ.એ.એ. થી MS. (Mechanical) પદવી, ૨૦૦૨માં COEP પુનામાંથી B.E. (MEch.)પદવી

## પાસ થયા અભિનંદન



**કુણાલ તિલકભાઈ ડાઘા**

(માંડવી)

BE મેકેનિકલમાં

સેમીસ્ટર - ૭માં 86%

ભુલ સુધાર : શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘની વાર્ષિક સર્વ સાધારણ સભા એજીએમ રવિવાર તા. ૨૭.૪.૧૪ના બપોરે ૨.૦૦થી ૪.૦૦ ગુરુકુલ હોલ, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મધ્યે રાખેલ છે.

### અગત્યની સુચનાઓ

- પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.
- સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકોન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.




## મુંબઈ મહાજનશ્રીના સભ્યોની સંખ્યામાં ફેરફાર

પ્રકાશ સમીક્ષા અંક નં. ૧૦ના મુખ્ય લેખના સંદર્ભમાં જણાવવાનું છેલ્લા ૬ વર્ષમાં મુંબઈના વસતી આપણી જ્ઞાતિની સંખ્યામાં ૪૦૦ સભ્યોનો વધારો થયો છે તેથી એનું પ્રતિનિધિત્વ વધારવાને બદલે ઘટાડવાનું યોગ્ય નથી. ટ્રસ્ટ અને મહાજનના સભ્યો એકજ રાખી શકાય પણ તેમની ચુંટણી વિસ્તાર પ્રમાણે અને સભ્યોની સંખ્યા વિસ્તારની વસ્તી પ્રમાણે હોવી જોઈએ.

દરકે વિસ્તારમાં સ્થાનિક મંડલ છે. મહાજન /ટ્રસ્ટીની ચુંટણી એમના હસ્ત થવી જોએ અથવા તેમના પ્રમુખ / સેક્રેટરીને મહાજન / ટ્રસ્ટમાં લેવા જોઈએ. ટ્રસ્ટી અને મહાજનના સભ્યો ઓછામાં ઓછા ગ્રેજ્યુએટ હોવા જોઈએ અને જ્ઞાતિ સંસ્થાઓમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ કાર્યરત હોવા જોઈએ જેથી તેઓ પોતાનો મત આપી શકે.

મુંબઈ મહાજનના પદાધિકારીઓએ વ્યવસ્થાપક સમિતિ સ્તરે મહાજનની વ્યવસ્થાપક સમિતિની સભ્ય સંખ્યા ઘટાડવાનો પ્રસ્તાવ મંજુર કરાવી લીધો છે. હવે કયારેય આ બાબત મહાજનની જનરલ સભા સમક્ષ આવી શકે છે.

મારી સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે તેઓ આ સંબંધી પોતાના વિચારોને સ્પષ્ટ રૂપે આપે તથા જરૂર જણાય તો મહાજન ચર્ચા કરવા ભેગું થાય તે પહેલાં જ્ઞાતિ પ્રકાશનો દ્વારા પોતાના વિચારો જ્ઞાતિ સમક્ષ મુકે જેથી જ્યારે પણ મહાજનની જનરલ બોડી મળે ત્યારે આ સંબંધમાં પ્રર્વતતા બધા મતો અંગે વિચારણા કરી યથા યોગ્ય નિર્ણય લઈ શકાય.

**- રતિલાલ વાલજી ખોના**




## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**શૈ. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ (જુન, ૨૦૧૪) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત :**

ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં જ્ઞાતિની દીકરીઓને અનુક્રમે કન્યાછાત્રાલયમાં નિ :શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

જામનગર સ્થિત કન્યાછાત્રાલયમાં આગામી શૈ. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ (જુન, ૨૦૧૪) થી ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં દાખલ થવા ઇચ્છતા જ્ઞાતિના દીકરીઓને અને એમના વાલીઓને આથી જાણ કરવામાં આવે છે કે દાખલ થવા માટેના મુકરર અરજી પત્રકો મુંબઇ તેમજ જામનગર કાર્યાલય પરથી નિ :શુલ્ક મળશે.

અરજી પત્રકમાં પુરે પુરી વિગતો ભરી તથા તે સાથે રૂા. ૫૦ (પચાસ) પુરા દાખલ ફીના તથા વાર્ષિક પરીક્ષાના પરિણામની બે (૨) પ્રમાણીત નકલો જોડી **અરજીપત્રકો મુંબઇ કાર્યાલય પર તા. ૧૦ મી મે, ૨૦૧૩ સુધીમાં મોકલી આપવાના રહેશે.**

**-: અરજી પત્રક મેળવવાનું સ્થળ :-**

**મુંબઇ સંપર્ક :-**
C/o. **Ashok Manilal Dand,**
Khushbu Dye Chem,
99, New Unique Ind. Estate,
Opp Jawahar Cinema, Dr. R. P. Road,
Mulund(W), Mumbai-400 080. Tel : 2593 9696
**સમય : સાંજે ૪ થી ૭ કલાક**

**કન્યા છાત્રાલય :-**
કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩,
એરોડ્રોમ રોડ, જામનગર - JAMNAGAR
ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦
શ્રી મનોજ ખોના - ૯૮૨૪૨ ૨૬૬૫૫

## આપણી ખાવા - પીવાની આદતો અને મહિલાઓનો વધતો બોજ

પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થયેલ તિલકચંદ લોડાયાનો ક.દ.ઓ.ની ખાવા - પીવાની આદતો વિશેનો લેખ ઉત્તમ અને નવું શીખવનાર હતો

**- પ્રદિપ લોડાયા** *કોઈમ્બતુર*

પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થયેલ આપણી કે.ડી.ઓ.ની ખાવા - પીવાની આદતો વિશેનો લેખ શ્રેષ્ઠતમ હતો. આ મુદ્દાસરના લેખના અવલોકનો સચોટ અને સુચનો વિચારતા કરી દે તેવા હતા. મહિલાએ અને ખાસ કરીને ગૃહીણીમાં બોજ પર પ્રકાશ પાડવા બદલ ખુબ ખુબ આભાર.

**- શ્રીમતી દિપાલી પારસ** *નાંદેડ*

આપણી મહિલાઓ કુટુંબ - સમાજ અને સમુદાયના ઉત્કર્ષ માટે યોગદાન આપી શકે તે માટે તેમને રસોડાના ઢસરડામાંથી મુકત કરાવવાની જરૂર છે **- ભદ્રેશ પટેલ** મુલુંડ

તિલકભાઈ, આપે ઘણા વખત પછી નિયમિત લખવાનું શરૂ કર્યું. અત્યાર સુધી પ્રગટ થયેલા બધા લેખો સારી રીતે લખાયેલા છે. જ્ઞાતિજનોને માર્ગદર્શન આપવા આમ જ લખતા રહેશો.

**- પ્રવિણ લોડાયા** *વડોદરા*

શ્રી તીલકભાઈનો ક.દ.ઓ.ની ખાવા - પીવાની આદતો વિશેનો લેખ આંખ ઉઘાડનાર રહ્યો.

આ લેખ વાંચ્યા પછી અમારા કુટુંબમાં અમે પાવા પીવાની આદતોમાં યથા યોગ્ય પરિવર્તન લાવવાની શરૂઆત કરી દીધી છે. મને ખાતરી છે કે આપણે જરૂર સફળ થયું અને વધુ સારું જીવન જીવશું.

**- સંજય ખોના -** *કોઈમ્બતુર*

Statement about ownership and other particular relating to C.D.O. PRAKASH-SAMIKSHA published under Rule 8 of the Registration of Newspapers (Central) Rules, 1956

**FORM IV**

| | | | |
|---|---|---|---|
| 1. | Place of Publication | : | 115, Tirupati Indl. Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai - 400 078. |
| 2. | Periodicity of its Publication | : | Weekly |
| 3. | Printer's Name | : | Jayant V. Chheda |
| | Nationality | : | Indian |
| | Address | : | 601, Abhinandan, Sarvoday Nagar, Mulund (West), Mumbai-80. |
| 4. | Publisher's Name | : | Jayant V. Chheda |
| | Nationality | : | Indian |
| | Address | : | 601, Abhinandan, Sarvoday Nagar, Mulund (West), Mumbai-80. |
| 5. | Editor's Name | : | Shri Raichand R. Nagda |
| | Nationality | : | Indian |
| | Address | : | 29/41, Rajabahadur Compound, Tamrind Lane, Mumbai-400 001. |

I, J. V. Chheda hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

For **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI.**

Date : 29th March 2014

**J.V. Chheda**
(Printer & Publisher)

### અબડાસામાં રહેવાની વ્યવસ્થા

કચ્છ અબડાસાના ગામોમાં ધર્મશાળા, ભોજન શાળા, વગેરેની ખુબજ સરસ વ્યવસ્થા છે. ઘણા ગામોમાં ધર્મશાળાના રૂમો એસી પણ છે તે ખુબજ સારી વાત છે. પરંતુ લગભગ ૩૬૫ દિવસમાં ૩૦૦ દિવસ આ રૂમો ખાલી હોય છે. કારણ :

૧. ભદ્રેશ્વર, ૭૨ જિનાલય, શિવમાસ્તુ, ગોધરા વગેરે મોટા તિર્થો થઈ ગયા તેથી આપણી ધર્મશાળા ભોજન શાળામાં અવર જવર ઘટી ગઈ.

૨. ધર્મશાળાના ભાડા દિવસના રૂા. ૧૫૦થી ૨૦૦ હોવાથી એકાદ મહિનો રહેવું હોય તો ખુબજ મોંઘુ પડે.


જો આ ધર્મશાળાઓનો ઉપયોગ વધારવા ૧ મહિનાના રૂા. ૫૦૦/૧૦૦૦ લેવાય તો ત્રણસો દિવસ ખાલી રહેતી ધર્મશાળા વપરાય અને તેથી ભોજન શાળા પાંજરાપોળ દુધ વગેરે પણ વેચાય અને આમ લોકોને આરોગ્ય સારું રહેશે. કચ્છમાં થોડી અવરજવર રહે તો આપણા તીર્થોની પણ સાચવણી સારી રીતે થાય. ગુદાલા તથા રતાડીયા ગામોમાં આ પ્રમાણે વ્યવસ્થા કરાયેલ છે.

આપણા ગામોની ધર્મશાળા, દેરાસરજી, ભોજનશાળાના સર્વ ટ્રસ્ટીઓ આ સુચન પર વિચારણા કરે એજ વિનંતી.

***- વિક્રમસી કાંતિલાલ લખમસી, મુલુંડ***

## કેન્સર પીડીત જ્ઞાતિજનની મદદે પુના સંઘ

હાલમાં પુના સંઘના એક બહેનને બ્લડ કેન્સરનું નિદાન થયેલ. આર્થિક રીતે સાધારણ આવક ધરાવનાર આ કુટુંબના કર્તાને જ આ વિષમ રોગ થવાથી કુટુંબ માનસિક રીતેભાંગી જાય એ સાહજિક હતું.




આ રોગની સારવાર કયાં અને કેવી રીતે કરશું, તેની સારવારના મોટા ખર્ચને કેવી રીતે પહોચશું, આ બાબતથી બહેન અને તેમનાં સંતાનો - પુત્રી અને પુત્ર -ચિંતિંત હતા.

બીમારીની ખબર મળતાં જ પુનાના કાર્યકર શ્રી દિલીપભાઈ જેઠાભાઈ મોતાએ તે કુટુંબનો સંપર્ક ક્ર્યો. સૌ પ્રથમ કુટુંબીજનોને મળીને ધરપત આપી અને બધું બરાબર થઈ જશે, એવી આશા બંધાવી. ત્યારબાદ પુના સંઘના પદાધિકારીઓની સહાયથી સંઘમાં આર્થિક મદદ અને બ્લડ ડોનેશન માટે ટહેલ નાખી. તેના પ્રયુત્તરમાં પુનાના જ્ઞાતિજનોએ સારી એવી રક્કમ ભેગી કરી અને બહેનના સારવાર માટે - કેમોથેરપી માટે - ના પ્રથમ ખર્ચાળ રાઉન્ડની જવાબદારી ઉપાડી લીધી. આ ઉપરાંત બ્લડ ડોનેશન માટે પણ ઘણા જ્ઞાતિજનો આગળ આવ્યા અને બ્લડ ડોનેશન કર્યું. આમાં સાથ મળ્યો પુનાના બીજા જ્ઞાતિજન શ્રી તુષાર ભરત લોડાયાનો, જે પોતે કેન્સર સારવાર ક્ષેત્રે પ્રવૃત છે અને અનુભવી છે.

દિલીપભાઈએ તુષારભાઈના માધ્યમથી પ્રસિધ્ધ ડોક્ટરના માર્ગદર્શન હેઠળ, કુટુંબીજનોની ઈચ્છા મુજબ, પુનાની કે.ઈ.એમ હોસ્પિટલમાં કેમોથેરપીની સારવાર માટે તૈયારી કરાવી. પહેલાં રાઉન્ડની સારવાર દરમ્યાન દિલીપભાઈ અને તુષારભાઇ દિવસ - રાત્ર ન જોતાં ખડે પગે હાજર રહીને પેશન્ટના પુત્ર - પુત્રીને સધિયારો આપ્યો. હોસ્પિટલમાં પણ ડોક્ટરર્સ - સ્ટાફ સાથે ફોલોઅપ કરવો, સમય સમય પર કેમિસ્ટ પાસેથી દવા

---

॥ નમો નમઃ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ ॥

### શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

કાર્યાલય : આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩ મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ-૭૭ ફોન : ૦૨૨-૨૫૦૧ ૧૭૮૮

અવસરે પધારનાર સર્વે ભાવિકોને વિનંતી છે કે આપની આવવાની/જવાની વિગતો પ્રસ્તુત ફોર્મમાં, સુવાચ્ય અક્ષરે ભરી સંઘની ઓફિસે તા.૨૧-૪-૨૦૧૪ સોમવાર સુધી મોકલી આપશોજી. જેથી અમોને આપની સગવડતા સાચવવામાં સરળતા રહે • વધુ ભાવિકો હોય તો, આ ફોર્મની ઝેરાક્ષ પણ ચાલશે.

| ક્ર. | શ્રાવક/શ્રાવિકાનું નામ | પુ./સ્ત્રી | ઉંમર | જવામાં ટ્રેનનું નામ/તા. | આવવામાં ટ્રેનનું નામ/તા. | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

૧) જો આપને આપના ગ્રુપ જોડે રહેવું હોય તો નોંધમાં લખી જાણ કરશો, તો તે મુજબ ગોઠવવા અમો પ્રયત્નશીલ રહેશું.

૨) આપની જરૂરીયાતની દવાઓ, ફોટો આઇ ડી તથા એડ્રેસ પ્રુફ અને પાણીનું સાધન પોતાની સાથે લઈ લેવા વિનંતી.

૩) રહેવાની વ્યવસ્થા મોડપર મુકામે કરવામાં આવી છે.

૪) હાલાર દર્શનની બુક મુજબ આપના તથા આપની આંતરજ્ઞાતિમાં પરણેલ દીકરીઓના સરનામામાં કોઈ ફેરફાર હોય તો ફોર્મ સાથે લખી ઘાટકોપર ઓફિસે મોકલવા વિનંતી.

આપે સંઘ માંથી રેલ્વેની ટિકીટ કઢાવી હોય તો પણ આ ફોર્મ ભરવાનું રહેશે.
સમિતીને કાર્યક્રમ/વ્યવસ્થામાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

**નિમંત્રક :** શ્રી મોડપર સુપાર્શ્વનાથ પ્રભાવક તીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ
**કન્વીનરો :** ચીમન મોતા • પંકજ ધરમશી • કલ્પેશભાઇ મોતા • અશોકભાઇ દંડ • પારસભાઇ મૈશેરી

લાવવી. જરૂરિયાન મુજબ બ્લડ બેંકથી બ્લડ ઉપલબ્ધ કરાવી આપવું..... વગેરે બધા કામ જાતે કરતાં રહ્યા.

૧૫ દિવસની સારવાર બાદ બહેન ઘરે ગયા ત્યારે પણ દવા, અને સારવાર સમયસર થાય છે ને, તેની પુછા કરતા રહ્યાં.

બીજા રાઉન્ડની સારવાર દરમ્યાન પણ દિલીપભાઈ હાજર રહ્યાં. આજે તે બહેનની તબિયત ઘણી સુધારા પર છે અને આશા છે કે તેઓ આ બિમારીમાંથી હેમ ખેમ બહાર આવી જશે.

આજના વ્યસ્ત જીવનમાં પોતાનું કામ - કાજ છોડીને જ્ઞાતિની બહેન માટે આટલો સમય કાઢી, માનવતાના ધોરણે નિસ્વાર્થ સેવા આપનાર દિલીપભાઈ મોતા અને તુષારભાઈ માટે ઝુકી તો જવાય ને...!

*- મિલન હીરાચંદ પટેલ (નાગડા), પુના*

## કે.ડી.ઓ. વેલફેર ટ્રસ્ટનું પ્રશસ્ય પગલું

આજે કપરી મોંઘવારીમાં મૃત્યુ બાદ યોજાતી સાદડી (પ્રાર્થનાસભા) નું આયોજન નાના માણસની કમર તોડી નાંખે તેટલું મોંઘુ થઈ ગયું છે.

આવી મુશ્કેલીમાં નાના માણસને પરવડે એવી રચનાત્મક સેવા કે.ડી.ઓ. વેલફેર ટ્રસ્ટે આપણા સમાજ માટે હાલે ઉપલબ્ધ કરી છે., તે ખરેખર પ્રશંસનીય છે.

૧. હોલનું ભાડું ફક્ત રૂપિયા ૧૦૦૦/-, જેમાં ઈલેક્ટ્રીક બીલ, એસી બીલ, ખુરશીનું ભાડું, ઠંડા પાણીની વ્યવસ્થા, પાથરણ, છબીસ્ટેન્ડ, માઈક સીસ્ટમ, બધુંય તેમાં સમાવિષ્ટ છે.

૨. પ્રાર્થના (સાદડી) અંગેની સીડી પ્લેયર પણ વાપરવા અપાય છે.

૩. ધીમા મધુર કંઠે પ્રાર્થના ગીતો સાંભળી શકવાની વ્યવસ્થા પણ છે.

૪. કોઈપણ દિવસે સાંજે ૭ થી ૯ આ વ્યવસ્થા લોકસેવાર્થે રાહતદરે ઉપલબ્ધ છે.

આયોજકોના પ્રશંસનીય બીનખર્ચાળ પગલાં બદલ હાર્દિક અભિનંદન.

**- કુલીનકાંત લુઠીયા** - માનવજ્યોત

## ભાવથી યાત્રા કરાવનારની અનુમોદના

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ચાલીસગામ સંઘના સભાસદ પુ. માતુશ્રી - મધુરીબેન ભવાજી લોડાયા પરીવારે પ.પુ. ગુણવંતીશ્રીજી, પુ. જયદર્શીતાશ્રીજી, પુ. હિમાંશુશ્રીજી તથા પુ. હંસાવલીની મા. સાહેબની પ્રેરણાથી શ્રી ચાલીસગામ સંઘના ૮૫ તથા પોતાના સ્નેહી સ્વજન અને દીક્ષાર્થી ૧૧ બહેનો મળી લગભગ ૨૦૦ યાત્રિકોનો ચાલીસગામથી શ્રી સમત શીખરજી, ઋજુવાલિકા તથા વારાણસી સંઘ કાઢેલ. લોડાયા પરિવારના સૌ દિપાબેન તથા મનીષભાઈ, સૌ. ચાંદનીબેન તથા હિતેશભાઈ એ આ યાત્રાનું બહુજ સુંદર અને વ્યવસ્થિત આયેજન કરેલ. તેમની ધર્મભાવના જોઈ ઝુકી તો જવાય ને!

***- તિલોત્તમા રાજેન્દ્ર લોડાયા***
***કલાવંતી પ્રવીણ છેડા***
***ચાલીસગામ***

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન લોડયા પરિવાર સરચામાને નમતા સર્વ ભાવિકોને સહકુટુંબ પ્રથમ પહેડી ના દર્શન પ્રસાદનો લાભ લેવા ભાવ ભર્યું આમંત્રણ**

**સ્થળ:**
**કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ,**
**મુલુંડ વેસ્ટ**

**શુભ સમય :**
**શનિવાર તા. ૧૯.૪.૨૦૧૪**
**બપોરના ૪ વાગ્યાથી.**

**કાર્યક્રમ :**
**૪ વાગ્યાથી પહેડી પ્રસાદ ધરાવવો**
**૫ વાગ્યાથી માતાજીની ભક્તિભાવના**
**૬ વાગ્યાથી મહાપ્રસાદ**

પ્રકાશ સમીક્ષાના અગાઉનાં અંકમા નામો છપાઈ પછી આવેલ સહયોગી દાતાના નામ

**૩૨. અસૌ. ધનલક્ષ્મી રાયચંદ વિસનજી લોડાયા** (આરિખાણા - ઘાટકોપર)

**૩૩. અ.સૌ. રેમાબાઈ લાલજી શામજી અજાણી** (કોઠારા - મુલુંડ)

**૩૪. ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા પરિવાર** (વારાપધર - વાપી)

**લિ. શ્રી સમસ્ત લોડાયા પરિવાર**
**પહેડી સમિતી**

# ભૂંડુ આ ભણતર

વનિતા



વિશ્વ

દીકરી અરુંધતિ,

કાલે તારી કેમિસ્ટ્રીની પરીક્ષા છે. તું ભયંકર ટેન્શનમાં છે. મને તો સમજણ જ નથી પડતી કે હું તને શી રીતે મદદ કરું? મને તો કેમિસ્ટ્રીનો વિષય ગમતો જ ન'તો. તારા મોંઢા પર ટેન્શનને કારણે ખીલ થઈ ગયા છે. શરદીથી તારું નાક સતત નીતરે છે. મારાથી આ નથી જોવાતું! પરીક્ષાની ચિંતામાં માંદી પડી જાય છે! આજે તું મારી સામે ધ્રુસકે ને ધ્રુસકે રડી, "મમ્મી, પરમ દિવસે ગણિતની એકઝામ છે. હું સાવ સીલી મિસ્ટેક્સ કરું છું!" તને રડતી બંધ કેમ કરવી? મેં ધીમેથી કહ્યું, "બેટા, ભૂલ તો બધાની થાય. તું સહેજપણ બેધ્યાન ન થતી. ધીરજ ન ગુમાવ. શાંતિ રાખ!" તે સામે કહ્યું, "કેવી રીતે શાંતિ રહે, મમ્મી? મને બહુ ચિંતા થાય છે."

મેં પુછ્યું, "તને શેની ચિંતા છે, બેટા?"

"મમ્મી, મારે સારા માર્ક્સ લાવવા છે. બહુ જ સારા." તેં કહ્યું.

"તો પછી બેટા, તારે તારી જાત પર કાબુ રાખતા શીખવું પડશે. ઊંડા શ્વાસ લઈને, બને તો પ્રાર્થના કરીને, પેપર લખવાનું ચાલુ કરવું."

"મમ્મી, હું એ બધું કરું જ છું છતાંય નાની નાની ભૂલો થયા છે જ."

મેં તારા માથા પર હાથ પસરાવવા માંડયો, "જો બેટા, તારી ચોપડી બંધ કરી દે, થોડી વાર મ્યુઝિક સાંભળ, બારી પાસે બેસીને દરિયા સામે જો, ફ્રેન્ડ સાથે ફોન પર વાત કર." પણ આ બધાની કોઈ અસર ન થઈ.

જ્યારે જ્યારે હું તને ટેબલ પર બેસીને રાતોની રાતો ભણતી જોઉં છું ત્યારે આખી દુનિયાની વિદ્યાર્થી જમાતની મને ભારોભાર દયા આવે છે. આ તે કાંઈ ભણતર છે? કાંઈ પણ શીખવવાની આ તે કેવી ક્રુર પદ્ધતિ? તમને કોઈને જાત માટે, મા-બાપ માટે, રમવા કે રિલેક્સ થવા માટે સમય જ નથી. યુવાનીમાં કરવાની મોજ - મજા, જોક્સ, ફરવા - હરવાથી તમે વંચિત જ રહી જશો. ફાઈલો, નકશા, ગ્રાફ ને જનરલ્સ - એ જ તમારી દુનિયા! તું તો હસતી જ નથી. ખાતીપીતી નથી. થોડા વધારે માર્કસ્ માટે આટલું બધું પ્રેશર? મને તો ગાંડપણ લાગે છે.

ઘા પર ઘસરકા જેવા પાછા ટ્યુશનો! કાલે રાત્રે તું દસ વાગે ટ્યુશનમાંથી આવી. સવારે ટ્યુશન સરને ત્યાં પેપર લખવા ગઈ, આખી બપોરે ભણીને પાછી છ વાગે ગઈ. રાત્રે આવી ત્યારે તારા નાકમાંથી પાણી દદડતું હતું ને ઝીણો તાવ પણ હતો. મેં તો તને સાંજે જવાની 'ના' જ કહી, પણ તેં કહ્યું, "મમ્મી હું ફેઈલ થઈશ!" રાત્રે દસ વાગે તું આવી ત્યારે અમે બધા ડાઈનિંગ ટેબલ પર જ બેઠાં હતાં. તને બારણામાંથી આવતી જોઈને જ બધાંને તારી દયા આવી ગઈ! સુઝેલી આંખો વળી ગયેલી કમર, ઢીલાઢસ ખભા! તું સાવ ઘસડાતી જ અંદર આવી. તું સખત થાકેલી અને ભુખી હતી, પણ તને ખાવાનો ટાઈમ ન હતો!

મને મારા દિવસો યાદ આવે છે. હું ભણતી હતી ત્યારે મારી બાને તો પરીક્ષાઓની તારીખો કે કોર્સ યાદ જ ન રહેતા. એને કેટલી શાંતિ હતી! અને બાપુજી? હું કયાં ધોરણમાં છું તે યાદ કરવા તેમને માથું ખંજવાળવું પડતું! કોચિંગ ક્લાસનો તોસવાલ જ ન હતો. જાતે ભણો, ને માર્ક લાવો. જોકે બધા ભાઈ - બહેનમાં મારું ગણિત અને ફિઝિક્સ એટલું નબળું હતું કે મારે માટે બાપુજીએ એમની ઓફીસના એક હોશિયાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

ક્લાર્કનું ટયુશન રાખ્યું હતું. જોકો હું ભણવામાં નબળી જ હતી. મને સારા રિઝલ્ટની કે માર્કની પડી જ હતી. તું ઘણી વધારે હોશિયાર અને મહેનતું છે. આજકાલનાં બધાં વિદ્યાર્થીઓ આવા જ છે, તું ઘણી વાર મને કહે છે, ''મા, તને આજકાલના ભણતરની અને કોમ્પિટીશનની કાંઈ જ ખબર નથી. તારી દુનિયા જ જુદી છે.''

બેટા, મને ખબર છે. આજની યુવાન પેઢી જે હરીફાઈનો સામનો કરી રહી છે તે જોઈને મને ત્રાસે છુટે છે. સફળતા એ જ જાણે ગુરમંત્ર થઈ ગયો છે. કોઈ પણ કિંમતે, ગમે તે ભોગે બસ સફળતા મેળવો! અને આ અપેક્ષા મા - બાપની નથી હોતી. તમારા જ સહાધ્યાયીઓ - મિત્રો તરફથી ભયંકર દબાણ આવે છે. એ દબાણ સહન ન કરી શકે તે ડફોળ - નમાલો - પાણી વગરનો ગણાય. મને તો મારી આસપાસ હસંતાં -આનંદી બાળકો દેખાતાં જ નથી. બહારગામ જઈએ તો પણ આગળ આવતી ટર્મિનલ પરીક્ષાનું તારા મોંઢા પર સ્પષ્ટ ટેન્શન દેખાય છે.

બેટા, તું મને ઘણી વખત કહે છે કે, '' મા, તને તો મારા પર ગર્વ હોવો જોઈએ. યુ શુડ બી પ્રાઉડ ઓફ મી.... હું જાતે ભણીને કેટલા સરસ માર્ક્સ લઈ આવું છું.....'' પરંતુ બેટા, સાચું કહું તો એ બાબતમાં હું જરાય જુનવાણી નથી શિક્ષણ વિશેના મારા વિચારો તદ્દન અલગ છે.

આજના બાળકો કલાસરૂમમાં શું શીખીને આવે છે, તેની મને ખબર નથી. વળી જે પણ કાંઈ શીખીને આવે છે. તે કેટલું જીવનઉપયોગી છે તે પણ પ્રશ્ન છે. શાળામાંથી જાતજાતનું પ્રોજેક્ટવર્ક આવે છે! તે પ્રોજેક્ટ કરવા માટે તું ઢગલો મટિરિયલ ભેગું કરે છે. અંતે પ્રોજેક્ટ માંડ માંડ પતે છે, પણ સમય ખૂબ ઓછો હોવાથી ભેગી કરેલી માહિતી ગોઠવવામાં જ તારો બધો સમય વપરાઈ જાય છે. ગ્રહણ કરવા માટે સહેજેય સમય રહેતો નથી. હું તને અઠવાડિયા પછી એ પ્રોજેક્ટ બાબતે કાંઈ પુછું, તો તું એકેય સવાલનો જવાબ આપી શકતી નથી. આ બધીકવાયતનો કાંઈ અર્થ ખરો? મને તો તારામાં જીજ્ઞાસાવૃત્તિ ખીલે, તું ગ્રહણ કરે અને જીવંત રહે તે ગમે! આમ કામના બોજ હેઠળ દબાઈને કાંઈ પણ કરે તે ન ગમે.

આજની આ સિસ્ટમ ગોખણપટ્ટી પર આધારીત થઈ ગઈ છે. ગોખો, યાદ રાખો, પરીક્ષામાં ઉતારો ને ભૂલો! પરીક્ષા પછી કાંઈ જ યાદ ન હોય! તારી સ્કુલબેગનું વજન સાત કિલો છે. સવારે વાન એટલી વહેલી આવે છે કે નાસ્તો કરવાનો તને ટાઈમ નથી રહેતો. ઝટઝટ નહાવું ને દુધ ગટગટાવીને દોડવું!

તો બેટા, આપણે હવે શું કરીશું? આવતે વર્ષે તું દસમામાં આવીશ. હું તને શી રીતે મદદ કરું? હું તારી સાથે રાતોની રાતો જાગું એમાંની મમ્મી નથી. એકઝામ હોલની બહાર તારે માટે તડબુચનો જ્યુસ કે લીલું નરિયેળ લઈને હું ઊભી રહેવાની નથી. હા, તારે રાત્રે જાગવું હોય તો ગરમ કોફીનો કપ લઈને જરૂર તારી પાસે આવીશ. તારે બીજી જે પણ કાંઈ મદદ જોઈતી હોય તે કરીશ. પણ તારા વિષય તો તારે જ ભણવા પડશે ને! મારું ગણિત તો એવું છે કે પાંચમા ધોરણની પરીક્ષામાં બેસું તોય હું નાપાસ થઉં. જે મમ્મીઓ બાળકો સાથે ભણે છે, રાતોની રાતો જાગરણ કરે છે. બાળકોની પરીક્ષાને પોતાની પરીક્ષા સમજે છે તે મમ્મીઓ માટે મને માન છે. સલામ બહેનો ! પણ હું જરા જુદી માટીની બનેલી છું. મા-બાપે અમને નાનપણથી સ્વનિર્ભર થતા શીખવ્યું હતું. પોતાની લડાઈ ખુદ લડો! ખરેખર, આજે એ શિક્ષણ કામ લાગે છે. મારા સમયનો સદ્ઉપયોગ કરવાનું હું ત્યારથી જ શીખી ગઈ.

હા, બેટા, એક વાત કહેવાનું તો ભુલી જ ગઈ! મારું રિઝલ્ટ ગમે તેટલું ખરાબ આવે, મારાં બા - બાપુજી મને ક્યારેય ઉતારી પાડતાં ન હતાં. અઠવાડિયા માટે કમ્પાઉન્ડમાં રમવાની મનાઈ કરે કે બીજી કોઈ હળવી સજા કરે ખરા. પણ એવી વિશેષ કાંઈ નહીં, પરંતુ, તારા કહેવા મુજબ જો બાળક નાપાસ થાય તો બીજા હોશિયાર બાળકો સાથે તેની સરખામણી કરી કરીને બાળકને અધમુવો કરી દે છે ! ઘણા બાળકો તો રિઝલ્ટ લઈને ઘેર જતા જ ગભરાય છે તેમ તું મને ઘણી વાર કહેતી હોય છે.

દીકરી, હું તને કયાં શબ્દોમાં સમજાવું કે આ ચોપડા, પરીક્ષાઓ અને ભણતરથી વિશેષ પણ એક વિશ્વ છે. બેટા, તું પહેલી આવે કે દસમી, મને ખરેખર કાંઈ જ ફરક નથી પડતો. મને તારી શક્તિમાં સંપુર્ણપણે વિશ્વાસ છે. જીવન જ એક પરીક્ષાઓની હારમાળા છે. તેમાં પાસ થવા માટે શાળાના પેપરોના માર્ક્સ ક્યારેય કામમાં આવતા નથી. હું મારા અનુભવથી આ કહું છું, બેટા! થોડાઘણા વધારે માર્ક્સ લાવવા માટે તારે આટલો બધો ભોગ આપવાની જરૂર નથી. સમજે છે.?

***- પ્રસિદ્ધ લેખિકા - શોભા ડે નો પોતાની દિકરીને એક પત્ર)***

## WWW.KDORIGHTCHOICE.COM

LAHERI LODAYA, MULUND, MUMBAI CELL : 098202 99330

Today, two major problems facing KDO Community are - 1. Finding suitable match for their marriageable children. 2. Ever-rising cost of medical treatments. In this article, I am taking the first issue and submit my views on the topic.

In last three or four decades, our community has financially prospered.


More and more students are opting for college studies, professional courses etc.Even though 50% of our population is in Mumbai and surrounding Thane District, a large chunk of population resides in several smaller towns. Students from such smaller towns like Chalisgaon, Malkapur, Amravati, Jalna etc have to leave the comforts of their homes and have to move to bigger towns for getting higher and better college education. After completion of their education through campus recruitments, they get good jobs with very high salaries in some large cities viz. Mumbai, Gurgaon, Banglore, Hyderabad, Pune ets.

These students who start earning their bread in such large cities are now cut off from their families. They may visit their parents during Diwali or Chritsmas vacations or to attend some family functions. Such visits are very short lasting from a day to maximum a week. In the cities where they work, they manage by staying in gueat houses or as paying guests or sharing one room/flat with some of their friends. Rather unfortunately, they are lost for the KDO Community.The joint family system is getting phased out as more and more students are living their parents'home for education or employment. They only know their parents and immediate relatives and are more close to their friends. KDO Community is also unaware about their existence.

At the same time, most of the events organised by Mumbai or local mahajans are more orless are religious functions which do not attract younger generation.In such circumstances, there are are very few opportunities, where boys and girls can meet


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**



**E.C.E. TEACHER TRAINING COURSE**

(4 MONTHS CERTIFICATE COURSE )

**Regular Batch: Monday To Friday**

**New Batch starts on**

and

**PHONICS TEACHER TRAINING COURSE**

(1 Week certificate course)

**L .N. MEHTA ED. CLASSES**

Yogesh Sadan,Hing wala Lane,
Ghatkopar (E) Mumbai- 400077

**Phone:25014824 \25014870 \ 9821285541**



**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

and mingle freely with each other and know each other.

In the West, dating system is prevalent where the parents of young girls encourage them to go out and meet young boys. In a short span of two or three years, each boy or girl meets 10 or 12 different boys/girls and eventually, they find which one these would suit them as life partner. I am not advocating to adopt such a system. My simple question is how many of us in Mumbai know as to how many eligble boy/girls are available in Kolkatta or Kochi or even in small towns like Ankleshwar,

Gadag, Jalgaon and so on. WHY NOT BUILD A DATA BASE OF ALL ELIGIBLE BOYS AND GIRLS which is available to all the people all the time.Children working in far places without any direct control or supervision of their parents gradually become more and more independant and rebellious in nature. They deveop a lot of confidence and start beieving that they can not go wrong in their decisions and under this illusion they are gradually attracted to co-workers of opposite sex and may opt for marriageut of the caste. The reason being he/she does not know that a large number of boys/girls of their liking are available in their own community, but unfortunately they do not know where they are !

The solution is available. We should build a data base of all boys and girls available for marriage.We have many software engineers in our community whose assistance can be taken to launch a MARRIAGE WEBSITE that shall have details of all unmarried, marriagable boys and girls, details of divorcees, widows and widowers who are seeking re-marriage. Since, now we have Samastha Mahajan, I do not see any difficulty in getting necessary details from entire KDO Community irrespective of their places of residences. The details should include a brief biodata giving name, address, contact email and phone numbers, educational qualifications, date of birth, height ( Not weight, mind you, we are not buying on kilo basis ! ) Birth-time, name of employer if employed, their expectations, names of references, copy of kundli and two photographs, one passport type and other full profile.

I an quite hopeful that such a website would be a blessing to several KDO families who are hunting for suitable match for their children.

The information can be classfied gotrawise, town/citywise, agewise, genderwise to make it user friendly.The website should be user friendly so that people can easily access required information. Most of the information would be available from the forthcoming VastiPatrak - the details from these are to be down loaded and with assistance from local mahajans, trusts other details could be onbtained. A standardised format can be preapared with help from professionally qualified people to maintain uniformity in collection of required information.

If we want to control inter-caste marriages, such a website could solve the problem to some extent.

It is never too late - think and act in the larger interest of KDO Community.

## લગ્નોત્સુક ક.દ.ઓ.નો ડેટા બેઝ (માહિતી સંગ્રહ) ઊભો કરીએ

છેલ્લા દાયકાઓમાં સગપણ સમસ્યા ઉગ્ર બની છે. જ્ઞાતિના યુવક યુવતિઓ સમાજના કાર્યક્રમોમાં જોડાતા નથી એ તો ઠીક પોતાના પરિવારના લગ્ન વગેરે પ્રસંગોમાં પણ નામ માત્રની હાજરી પુરાવી જાય છે. જેથી કરીને સગપણ સમસ્યા વધી છે.

તેના ઉપાય તરીકે યુવા મિલન યોજાય છે. પણ તેમાં ધાર્મિક બાબતોને મહત્વ અપાતું હોવાથી બહુમતી યુવક - યુવતીઓને તે ઓછું પસંદ પડે છે.

સગપણ સમસ્યા ઉકેલવાની પધ્ધતી સમયાનુરૂપ હોવી જોઈએ. જો WWW.KDORIGHTCHOICE.COM નામે વેબસાઈટ રૂપે ડેટા બેઝ (માહિતી સંગ્રહ) ઊભો કરી શકીએ તો યુવાનો ને અનુકુળ એવો હલ આવે.

આ ડેટા બેઝ (માહિતી સંગ્રહ) ગોત્ર- ગામ - શહેર અને વયજુથ પ્રમાણે વર્ગી કરણ કરેલો હોવો જોઈએ જેથી પસંદગીનું કામ સરળ રહે.

**(ઉપરના લેખનો ટૂંક સાર)**

## શ્રી ક.દ.ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિશુઃલ્ક સારવાર શિબીર

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૩ ફેબ્રુઆરી ૨૬ માર્ચ ૨૦૧૪ દરમ્યાન તેરમી નિઃશુલ્ક નેચરોપથી સારવાર શિબીર શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન, મોતા ફલીયા, નલીયા (કચ્છ) મધે યોજાઈ હતી. આ નિઃશુલ્ક સારવાર કેમ્પ માટે પરમ પુજ્યશ્રી વિજયશાંતિ સુરિશ્વરજી મ.સા.ની. મુખ્ય સંસ્થા શ્રી શાંતિદેવ સેવા સમિતિ, મુંબઈ અને સાથી દાતાઓનો આર્થિક સહયોગ મળેલ.તા. ૨૩.૨.૧૩ના માનનીય શ્રીમતી વિમલાબેન વર્ધમાન ખોના એ દીપ પ્રગટાવીને આ કેમ્પ ખુલ્લો મુક્યો હતો. શ્રી શાંતિદેવ સેવા સમિતી, મુંબઈ વતીથી શ્રી અનિલભાઈ ખોના હાજર રહ્યા હતા.

સારવાર અને ટ્રીટમેન્ટ સવાર લગભગ ૮.૩૦ થી બપોરના ૧૨.૩૦ સુધી અને પછી બપોરના ૩.૦૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી ચાલતી હતી. આ સારવાર કેમ્પમાં જુદી જુદી બિમારી જેવી કે હાથ પગનો દુઃખાવો, ઘુટણનો દુખાવો, પેરેલેસીસ, મસક્યુલર ડિસ્ટ્રોફી, આંખની તકલીફ, કાનની તકલીફ, ડિપ્રેશન, પાચનની તકલીફ, શ્વાસની તકલીફ વગેરે માટે લગભગ ૨૫૧ દર્દીઓએ સફળ સારવાર આપવામાં આવી હતી. દરેક દર્દીને ઓછામાં ઓછી ત્રણ વખત એમ ક્લે ૭૩૩ ટ્રીટમેન્ટ અપાઈ હતી. આદરણીય ડો. ઉપેન્દ્રભાઈ શાહ, ભાવનગરવાળાઓ, નિસ્વાર્થભાવે દવા સાથે દુવાનો અદભુત સમન્વય કરી દર્દીઓની સારવાર કરી હતી. દુઠખી અને ચિંતાગ્રસ્ત ચહેરે દર્દીઓ કેમ્પમાં સારવાર માટે આવતા અને ખુશી ખુશી ઘરે પાછા જતાં હતા એજ આ નિદાન શિબીરની સફળતાની હતી.

આ નિદાન કેમ્પમાં ધનપતિ લોડાયા, શ્રીમતી લીલાબેન લોડાયા, હિરાચંદ મૈશેરી, ચંદ્રકાંન્ત ખત્રી, શ્રીમતી કવિતાબેન મોતા અને અન્ય મહાનુભાવોએ નિસ્વાર્થ ભાવે સેવા આપી હતી. શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન, નલિયા મદ્દેના સ્ટાફ સભ્યોમાં પવનકુમાર સાયલા, શ્રીમતી પારૂલબેન સાયલા તથા શ્રીમતી સરાબાઈ નુટીયાએ આ નિદાન કેમ્પ સફળ બનાવવામાં સારો એવો ફાળો આપેલ. અનિવાર્ય સંજોગોને કારણે અન્ય સર્વે ટ્રસ્ટીગણની હાજરીમાં રવિવાર - તા. ૧૬.૦૩.૨૦૧૪ ને દિવસે શિબિરની પુર્ણાહુતી કરવામાં આવેલ.

## અનંતછાયાના ભાડુતોની મુંજવણ : કરાર અપેક્ષા પુરી કરશે કે ?

તાજેતરમાં અનંતછાયાના ભાડુતોને બિલ્ડર તરફથી ફ્લેટ ખાલી કરી બીજે રહેવા જવા અને કરારનામું સહી કરવા સુચનાઓ અપાઈ છે. તેના પગલે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ આ બાબતે કેવો અભિગમ અપનાવે છે તે અંગે તર્ક વિર્તકો થવાની માહિતી મળી છે.

આ કરારનામાના ડ્રાફ્ટમાં બિલ્ડર ઉપરાંત અનંતનાથ ટ્રસ્ટ પણ એક પક્ષકાર હોવાનું દર્શાવાયું છે.

ચેરીટી કમિશ્નરે અનંતછાયાની મિલકત વેચાણ કરવા પરવાનગી આપી છે. પરંતુ ટ્રસ્ટીઓએ પુરી વેચાણ કિંમત મેળવી હોય તેમ જણાતું નથી કારણ કે આ ડ્રાફ્ટમાં એવી માહિતી અપાઈ છે કે ટ્રસ્ટીઓએ ફક્ત એગ્રિમેન્ટ ફોર સેલ જ રજીસ્ટર કર્યું છે, એટલે કે પુરી વેચાણ કિમંત લીધી નથી. એટલે મિલકતનું કન્વેઅન્સ હજી સુધી થયું નથી અને ભાડુતો ટ્રસ્ટના ભાડુતો તરીકેજ ચાલુ રહ્યાં છે.

વળી, આ ડ્રાફ્ટમાં ટ્રસ્ટ આ મિલકત પરનું બાંધકામ પુરું થશે, તે પુરતીજ ભાડુતોને ખાત્રી આપે છે, તેથી વિશેષ નહીં, તેવી સ્પષ્ટતા કરાયેલ છે.

આ ડ્રાફ્ટમાં એક એવી કલમ પણ મુકાઈ છે જે અનુસાર જ્યાં સુધી નવું મકાન તૈયાર ન થાય અને જ્યાં સુધી તેની સરકારી સોસાયટીની નોંધણી ન થાય ત્યાં સુધી ભાડુતો, ટ્રસ્ટની લેખિત પુર્વ પરવાનગી / સહમતી વિના આ કરાર હેઠળના પોતાના હક્ક હસ્તાંતરણ (ટ્રાન્સફર) કરી શકશે નહીં એટલે ભાડુતોના ઓનરશિપ હક્કો અબાધિત નથી તેવી જોગવાઈ છે.

જે મોટી ઉમરના ભાડુતો છે તેઓ એવી દહશેત સેવી રહ્યા છે કે જગ્યા ખાલી કર્યા પછી જો તેમનું અવસાન થાય, તે પછી તેમના વારસોમાં કોઈ વિખવાદ થશે, તો નવા ફ્લેટનો કબજો આપવા - લેવામાં વિલંબ થશે અને બિલ્ડર ટેમ્પરરી રહેઠાણ જગ્યાનું ભાડું ચુકવવાનો ઈનકાર કરી શકશે અને નવા ફ્લેટનો કબજો પણ નહીં આપે. ઉપરોક્ત કલમને લીધે અન્ય સમસ્યાઓ પણ ઊભી થશે તેવી દહેશતને લીધે તેમજ આ ડ્રાફ્ટ સાથે લગભગ આઠ દસ જોડાણો (એનેકસ્ચરો) વિશે ઉલ્લેખ છે પણ તેની નકલો ભાડુતોને અપાઈ નથી તે કારણે પણ, ભાડુતો મુંઝવણમાં મુકાયા છે. ટ્રસ્ટીઓ હજી પણ મિલકતનું કન્વેઅન્સ ન કરતા હોય તે પાછળ હાયકોર્ટમાં રીવ્યુ પીટીશનની સુનાવણી બાકી છે, તેવું કારણ તો નથી ને એવો પ્રશ્ન પણ ચર્ચાઈ રહ્યો છે.

અન્યથા પણ રિવ્યુપીટીશનમાં વિપરીત ચુકાદો આવશે તો ખાસ કરીને ભાડુતો માટે વિકટ સંજોગો ઊભા થશે. આ પરિસ્થિતીમાં કેટલાક ભાડુતો કાનુની સલાહ લઈ કરારના ડ્રાફ્ટમાં તેમને પુરી રીતે સુરક્ષા મળે તેવી જોગવાઈઓ / સુધારાઓ કરવા પગલાં લઈ રહ્યા છે, તેવી માહિતી મળી છે.

## શબ્દાનંદ

### આડી ચાવી

૧. ખુલ્લા શુધ્ધ દિલનું (૪)
૨. કેદીઓને ગોંધવાનું મકાન (૩)
૭. ચિત્રકાર (૫)
૧૦. માખણ (૪)
૧૩. બગલો (૨)
૧૪. બ્રાહ્મણ, (૨)
૧૬. નમ્ર સ્વભાવવાળું (૬)
૧૭. તીવ્ર દુ:ખની લાગણી (૪)
૧૯. વ્યક્તિ, માણસ (૨)
૨૦. ચોખ્ખું, સ્વચ્છ (૨)
૨૧. એક કઠોળ (૨)
૨૫. વલુર, ખંજવાળ (૩)
૨૬. દશરથ અને સુમિત્રાનો પુત્ર (૩)
૨૮. પતિ (૩)
૨૯. સામટો પ્રકાશ (૩)
૩૨. આગાખાની ઈસ્માઈલી મુસ્લિમ સંપ્રદાયના અનુયાયી (૨)
૩૫. જન્મ પત્રિકા (૩)
૩૬. શક્તિમાન (૩)
૩૭. મલાઈ (૨)
૩૮. સફેદ (૨)


| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | ૫ | ૬ | | |
| ૭ | | | | ૮ | | | | | ૯ |
| | | | ૧૦ | | ૧૧ | ૧૨ | | ૧૩ | |
| | ૧૪ | ૧૫ | | ૧૬ | | | | | |
| ૧૭ | | | ૧૮ | | ૧૯ | | | | |
| ૨૦ | | | ૨૧ | ૨૨ | | | ૨૩ | | ૨૪ |
| | | ૨૫ | | | | | ૨૬ | ૨૭ | |
| ૨૮ | | | | ૨૯ | ૩૦ | ૩૧ | | | |
| | | ૩૨ | ૩૩ | | ૩૪ | | | | ૩૫ |
| | ૩૬ | | | | ૩૭ | | | ૩૮ | |

### ઊભી ચાવી

૧. પાસે, નજીક (૩)
૨. ચામડી (૨)
૩. કલમકારીમાંથી બેઅક્ષર (૨)
૪. ઘર, રહેઠાણ (૩)
૬. ભસ્મ (૨)
૮. ભક્તિ કાવ્ય (૩)
૯. કમળ (૩)
૧૧. કમળ (૩)
૧૨. ભોંય ખોદીને કરેલો ચૂલો (૩)
૧૩. જેના સ્કુટર પ્રખ્યાત છે (૩)
૧૪. ભ્રમર (૩)
૧૫. સહેજ, થોડું (૨)
૧૭. વિશિષ્ટ, ખાસ (૫)
૧૮. નાસ્તો, શિરામણ (૩)
૨૨. ફુલની વેણી (૩)
૨૩. રામનો પુત્ર (૨)
૨૪. સંકટ, મુશ્કેલી (૨)
૨૫. નિંદા (૪)
૨૭. ખામી, ભુલ (૨)
૩૦. મોર, પક્ષી (૩)
૩૧. બહાદુર (૩)
૩૩. બળ, તાકાત (૨)
૩૫. ચીકણો તાર (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*

---




### સંખ્યાવન

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૧૨૯ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૪, ૨૬, ૩૨, ૩૯, ૪૨, ૭૮, ૮૧, ૮૪, ૯૩,

**ત્રણ આંકડાની સંખ્યા:** ૧૨૯, ૧૬૭, ૨૫૧, ૨૬૭, ૩૨૫, ૪૫૩, ૬૨૭, ૭૬૮, ૮૯૫, ૯૫૧


**ચાર આંકડાની સંખ્યા :** ૧૩૨૮, ૧૩૮૪, ૨૩૧૪, ૨૪૧૭, ૩૫૪૬, ૫૪૨૭, ૫૮૯૬, ૬૩૫૫, ૮૪૩૨, ૯૨૭૧, ૯૪૩૫

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૬૮૭૬, ૧૮૬૧૨, ૨૫૯૩૬, ૩૨૪૭૫, ૪૫૬૯૨, ૫૮૨૪૭, ૬૫૮૭૫, ૮૧૨૪૭, ૯૪૧૫૯

**છ આંકડાની સંખ્યા :** ૧૩૪૨૮૬, ૨૪૮૩૬૭, ૩૮૯૩૬૪, ૬૪૯૨૬૧, ૭૩૩૪૧૬, ૮૭૪૨૯૩

**NUMBER GAME IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 14, 26, 32, 39, 42, 78, 81, 84, 93,



**3 Digit Nos :** 129, 167, 251, 267, 325, 453, 627, 768, 895, 951

**4 Digit Nos :** 1328, 1384, 2314, 2417, 3546, 5427, 5896, 6355, 8432, 9271, 9435

**5 Digit Nos :**16876, 18612, 25936, 32475, 45692, 58247, 65875, 81247, 94159

**6 Digit Nos :** 134286, 248367, 389364, 649261, 733416, 874293

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ સાતમો વાર્ષિકોત્સવ તથા સ્નેહમિલન

શ્રી વરાડીયા જૈન મહિલા મંચ મુંબઈનો ૭મો વાર્ષિકોત્સવ - સ્નેહમિલન રવિવાર ૨.૨.૧૪ના શેઠશ્રી નરશીનાથા બેંકવેટ હોલ, ભાંડુપ મધ્યે યોજવામાં આવેલ, અતિથિ વિશેષ સૌ. લતાબેન મણીકાંત મોમાયા સંગાથે સૌ. હસુમતી હિરાલાલ ડાઘા તથા સૌ. ગીતાબેન વિનોદ ડાઘાએ દિપ પ્રજ્વલન તથા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની છબીને માળરોપણ કરી કાર્યક્રમની શરૂઆત કરેલ.

ટુંક સમય પહેલાં હૈદ્રાબાદમાં અન્નપુર્ણા રત્નથી નવાજિત થયેલ સૌ. લતાબેન મણીકાંત મોમાયાનું મહિલા મંચના કારોબારી સભ્યાએ બહુમાન કરેલ.

મંચના કારોબારી સભ્યોમાંથી સૌ. આશાબેન દીપક ડાઘા તથા સૌ. લીનાબેન મધુકાંત મોમાયાની શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ ટ્રસ્ટના ટ્રસ્ટીપદે વરણી થયેલ તે બદલ મહિલા મંચ દ્વારા તેમનું બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમમાં હાજર રહેલ અન્ય ટ્રસ્ટીઓ શ્રી પ્રતાપ મુલજી પીર, શ્રી વિનોદ પદમશી ડાઘા, શ્રી મનીષ પ્રતાપ ડાઘા, તથા નવા નિમાયેલ ટ્રસ્ટી શ્રી હરીશ ધનજી ડાઘાનું પણ મંચ દ્વારા સન્માન કરવામાં આવેલ

શ્રી રાજુઢોલી (વરાડીયા) તથા સાથીદારોના ઢોલ, સરણાઈના તાલે વરાડીયાવાસીઓ તથા નિયાણી બહેનો મન મુકીને ઢોલ રાંધ, ૧૨ દાંડીયા, દાંડીયા રાસ, મટુકડી, થાળી રમત, તાંબડી રમતનો લાભ લીધેલ.

પ્રવક્તા તરીકે શ્રી રાહુલ ધુલ્લાએ તથા તેમની સાથે અલકા ચેતન ડાઘાએ હરીફાઈના નિર્ણાયક તરીકે ફરજ નિભાવી હતી.

કાર્યક્રમ દરમિયાન નવા ૧૧૦ સભ્યો બન્યા હતા. જેમને આકર્ષક સીગ્નેવેરના જામ્યો. ટમ્બલર, કર્ટન ગીફ્ટ તરીકે મોમાયા તરફથી આપવામાં આવેલ. દરેક નાના બાળકોને શ્રીમતી લીનાબેન મધુકાંત મોમાયા તરફથી ગીફ્ટ અપાયેલ.

લક્કી ડ્રો અનો હરિફાઈના ઈનામો મહિલામંચની કારોબારી સમિતિ તરફથી અપાયેલ. કાર્યક્રમ દરમિયાન વિવિધ દાતાઓ તરફથી રૂા. ૨૭.૦૦૦ નું ડોનેશન મંચને મળેલ.

## શ્રી વિમલનાથ આંતરજાળ જિનાલયની પ્રથમ વર્ગગાંઠ

આંતરજાળ જિનાલયના શ્રી વિમલનાથ દાદાની પ્રથમ વર્ગગાંઠ નિમિત્તે દાતા પરિવાર શ્રી માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે શ્રીમતી જયાબેન શાંતિલાલ પદમશી લોડાયા પરિવાર તરફથી ''આદિ - વિમલ'' પુજા મંડળની બહેનોને પુજાની સાડીની જોડ તથા મંડળને પુજાના વાજિંત્રો, ખંજરી, બેન્ડ તથા દાંડીયા અને થેલાની ભેટ અર્પણ કરવામાં આવેલ. ''પુત્ર વધુ મંડળ'' ને પણ થેલાની પ્રભાવના કરેલ. બન્ને મંડળ દાતા પરિવારનો આભાર માને છે.

## બાયઠ ગામ મધ્યે ધ્વજા મહોત્સવ

બાયઠ ગામ મધ્યે મહાસુદ ૧૦ ને રવિવાર તા. ૯.૨.૨૦૧૪ના શ્રી ક.દ.ઓ. મહાવીર સ્વામી જૈન દેરાસરની વર્ષગાંઠ પ.પુ. મુનિરાજ જગવલ્લભ સાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં હર્ષોલ્લાસથી ઉજવાયેલ.

ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી કુંવરબાઈ ટોકરશી છેડા પરિવાર (બાયઠ) , માતુશ્રી કસ્તુરીબેન કાન્તિલાલ પાસડ પરિવાર (ભોજાય), તથા માતુશ્રી માનબાઈ મેઘજી સાયલા (હેફા) પરિવારે લીધેલ.

ધ્વજા મહોત્સવમાં મુંબઈ, પાચોરા, અંજાર ગાંધીધામ, ભુજ તેમજ સ્થાનિક ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

બપોરના સાધર્મિક ભક્તિનો લાભ શ્રી મેઘજી રામજી પોલડીયા (પટેલ) પરિવાર તેમજ શ્રી દેવજી માણેક ગોસર પરિવારે લીધેલ.

## સખીવૃંદ પુના

સખીવૃંદ પુનાથી માર્ચ મહિનાની બેઠક શીલા નાગડાને ઘેર હતી. નવકાર મંત્રના પઠનથી શુભ આરંભ થયો આંતર રાષ્ટ્રીય મહિલા દિન વિષય હતો. શીલાબેને ગુલાબના ફુલોથી સૌનું સ્વાગત કરી મહિલાદિનની શુભેચ્છા આપી. એમના નણંદ હંસાબેન નારીની ઓળખ, મહત્તા વિષે બોલ્યા. ૧૯૭૫ થી મહિલા દિનની ઉજવણી થાય છે. સ્ત્રીમાં આત્મ સંયમ, પ્રતિભા, જ્ઞાન, કળા કૌશલ્ય, સેવાજેવા ગુણો હોય છે. સ્ત્રીને પણ યોગ્ય સન્માન મળવું જોઈએ એમ એમનું કહેવું હતું. ઉપરાંત તેમણે આ ક્ષેત્રમાં ભુતપુર્વ ક.દ.ઓ. નારીઓએ આપેલ મહત્વના યોગદાન વિષે માહિતી આપી.

શીલાબેનની પુત્રવધુ રિત્તલે એક ગેમ રમાડી. નારી સ્વભાવની વિશેષતાના ઉલ્લેખવાળી ચિઠ્ઠીઓ સૌએ ઉપાડી - એ મુજબ પોતાના સ્વભાવના ગુણો વિષે બોલવાનું. જેમાં સૌને પોતાની ગુણવત્તા દર્શાવતા ખૂબ જ ગૌરવ - આનંદ થયો. બીજી એક ફન ગેમ રમાડી. રીત્તલનું કહેવું હતું કે સૌએ પોતાનું આત્મ સન્માન જાળવી પોતાના પર જ નિર્ભર રહેવું, આનંદિત રહેવું. એણે પાણીમાં રંગોળી કેમ બનાવવી એનું પ્રત્યક્ષીકરણ કર્યું. મંડળ અને શીલાબેનવતી હોળીની ઉજવણી ગુલાલ છાંટી થઈ. વિશેષમાં મંડળે સૌને મિઠાઈ સહ હોળીની વધાઈ આપી.

મીતા લાલકાએ મહાસતી મૃગાવતીના જીવનની જાણકારી આપતા કહ્યું કે મૃગાવતી રાજા ચેતકના પુત્રી, સાળુ રાજા શતાનીકના પત્ની અને ચંદનબાળાના માસી હતા. રાજા પ્રધ્યોધનના મેલા ઈરાદાને પારખી દીર્ઘ દ્રષ્ટિ વાપરી પોતાના બાળક, રાજ્ય, શીલ અને આત્માનું રક્ષણ તથા કલ્યાણ કુશળતાથી કર્યું. તેઓ સામાન્ય નારી નહોતા. તેમનામાં તેજસ્વીતા, ધૈર્ય, શૂરવીરતા અને સમયને સમજવાની કાર્ય ક્ષમતા હતી. ક્ષત્રીયાણીને શોભે તેવું કાર્ય પોતાના પ્રાણના ભોગે ધર્મ, સ્વાધ્યાય, ધ્યાન અને પ્રભુભક્તિથી ગુરુણી ચંદનબાળાના શિષ્ય હોવા છતાં એમાનાથી પહેલા કેવળજ્ઞાની બન્યા.

## વારા પધરમાં ત્રિદિવસીય ભક્તિ કાર્યક્રમ

વારાપધર સ્વાધ્યાય - વાત્સલ્ય વારિધિ પ.પુ.સા.શ્રી. અરૂણપ્રભાજી મ.સા.ની. ૪થી પુણ્યતિથી નિમિત્તે તથા પ.પુ. સા શ્રી હિતદશાશ્રીજી મ.સા.ની. વિશા સ્થાનક તપની પુર્ણાહુતિ નિમિત્તે તથા પ.પુ.સા.શ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પ.પુ.સા.શ્રી હિતદશાશ્રીજી.મ.સા. તથા પ.પુ.સા.શ્રી યોગદ્રષ્ટિશ્રીજી મ.સા.ની. નિશ્રામાં તા. ૧૪.૦૧.૨૦૧૪ પૌષ સુદ ૧૪ના ગં.સ્વ. જમકુબાઈ દેવસી ગોસર તથા સ્વ. માતુશ્રી બચીબાઈ (પુરબાઇ) આણંદજી નાગડા તરફથી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા ભણાવવામાં આવેલ. તા. ૧૫.૧.૧૪ પોષ સુદ ૧૫ પુનમના શ્રીમતી જયાબાઈ હંસરાજ વિકમશી તરફથી ભક્તામર સ્નાત્ર પુજન કરવામાં આવેલ. જેમાં વાંકુવાલા મણીલાલભાઈ ઘણા દિવસ સેવા આપેલ. પુજનમાં વાંકુવાલા ચંદુલાલભાઈ, મુલજીભાઈ, વરાડીયાવાળા દેવેન્દ્રભાઈ પટેલ, કલ્યાણજીભાઈ પધારેલ. પુજનમાં ખુબજ રમઝટ જમી હતી. વાંકુવાલા મણીલાલભાઈ તથા વારાપધરવાળા, હેમલભાઈનું બહુમાન કરવામાં આવેલ. બપોરના સ્વામી વાત્સલ્યના દાતા માતુશ્રી તેજબાઈ લાલજી લોડાયા હસ્તે અરવિંદભાઈ તરફથી કરવામાં આવેલ. તા. ૧૫.૧.૧૪ પોષ વદ ૧ ના સર્વ શ્રી વિજયભાઈ વેલજી લોડાયા પુણ્યતિથિ નિમિત્તે હસ્તે કલ્પેશભાઈ તરફથી નવાણું પ્રકારી પુજા ભણાવવામાં આવેલ. પ્રભુજીની ભવ્ય આંગી રચના કરવામાં આવેલ. આ કાર્યક્રમનો સફળ કરવા માટે અરવિંદભાઈ લોડાયા, ભૂપેન્દ્રભાઈ વિકમશી, કલ્પેશભાઈ મોમાયા, ભવાનજીભાઈ લોડાયા, હેમલભાઈ છેડા, પારસભાઈ ગોસર તથા સાગરભાઈ ગોસરે સહયોગ આપેલ.

## શ્રી પદમમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પુ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના. પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ. પ.પુ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સરળતા પુર્વક કરી રહેલ છે. બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતા : (કાયમીતિથી) માતુશ્રી સુમતિબેન સોમચંદભાઈ દંડ (વડાલા - વરાડિયા), મુલજી જીવરાજ લોડાયા ( હસ્તે ભગવંતીબેન ટોકરશી લોડાયા - કુમઠા સાંગલી), દિપકભાઈ દામજી પોલડિયા (ફૈઝપુર), દામજી મણશી દંડ (વરાડીયા), કાંતિલાલ લખમશી ધુલ્લા (થાણા), પ્રેમકુંવરબાઈ ગોવિંદજી ધરમશી (હસ્તે ઉમરશી શામજી મેપાણી - મંજલ - પરજાઉ), પલ્લવી વિરચંદ શાહ (હસ્તે - વિમલાબેન વિરચંદ શિયાડ - નાંદેડ - જખૌ), શા. છગનલાલ વિશનજી ભાટે ધરમશી (ધુલિયા), એક સદગદસ્થ (મુંબઈ - નકરો), ઈંદ્રેશ દેવજી પોલડિયા (ચાલીસગામ), દ્રષ્ટ્રિ મુકેશ લોડાયા (મુલુંડ), મિદિર ખુશાલ ખોના (નાશિક), લક્ષ્મીબાઈ નેણશી કુંવરજી લોડાયા (ચાલીસગામ).

## શ્રી સુપાર્શ્વનાથ શ્વેતાંબર મુર્તિપુજક જૈન સંઘ

દાવણગીરીના આગેવાન સ્વ. નવીનચંદ્ર માણેકજી શીયાડ જખૌના શ્રી સુપાર્શ્વનાર્થ મંદિરે આયંબીલ ખાતે ૧૦ હજાર રૂપિયા આપી પાંચ વર્ષના સભ્ય બન્યા છે હસ્તે આપનાર તેમના ધર્મપત્ની લીલાવંતી નવીનચંદ્ર શીયાડ છે.

# કવિ ''તેજ'' નો વધુ એક ઝબકારો : અખાડો: (મોરની કળા)



**(અખાડો : તેજપાલ ધારશી તેજ.**
**પ્રકાશક : કિરીટભાઈ લાપસિયા, મુંબઈ,**
**પ્રાપ્તિસ્થાન : કવિ 'તેજ' નલિયા.**
**૩૭૦૬૫૫. પ્ર. આ. ૨૦૧૪, કિંમત રૂ. ૫૦)**

કચ્છી કવિતાના પ્રથમ પંક્તિના કવિ 'તેજ'એ વિપુલ અને પ્રાણવાન સર્જન કર્યું છે. અત્યાર સુધી તેમના ત્રીસેક કાવ્યસંગ્રહ બહાર પડી ચુક્યા છે. જેમાં 'તેજ' જો અવાજના પાંચ ભાગ છે. હાલમાં તેમનો વધુ એક સંગ્રહ 'અખાડો' પ્રગટ થયો છે.
કચ્છીમાં મોરની કળાને અખાડો કહે છે.
આ અંગેના કાવ્યમાં કવિ કહે છે,

મોરલા, તોં તાં વારી વઆ, ડીસી તોજો અખાડો, પીછી - પીછી મેં ડિસાં કાનુડો કામણગારો.



આ સંગ્રહમાં કવિતાઓ છે, તેમ મુક્તકો પણ છે, મુકતકોમાં કવિ 'તેજ' નો ઝબકાર જોવા મળે છે.

કિર્તિ મેળવવા મથતા માનવને તેઓ કહે છે, 'તો કે કિતરા ઝાણે તાં, તેંજી ફિકર છડ 'તેજ,' જ તું તો કે સુનણી ગિને, ત - પોય આનંધ ભયો!' માનવી પોતાની જાતને પોતે જ ક્યાં પુરેપુરી પિછાણે છે?

આજની કેળવણીમાં ભાર વિનાના ભણતરનું સુત્ર અપાયું છે ખરું, પણ વાસ્તવમાં તો તેથી ઊલટી જ સ્થિતિ છે. કવિ આ અંગે વિચારે છે, બાળક કરતાં દફતર વધુ ભારે છે !

ભણધલ વિચાડા કંધા કુરો, અજ ભણતર જો ભાર વધી વેઓ આય,
છોરે કે ને ધફતર કે જોખે નેઆરેઓં,
તેમેં ધફતર જો ભાર વધી વેઓ આય.

જન્માષ્ટમી જેવા ધાર્મિક પર્વે જુગાર રમવાની પ્રથા અંગે તેમનો કટાક્ષ આ રીતે વ્યક્ત થાય છે, 'ભગવાનજો જનમ થેઓ, તેર ગજબ થેઓ ભારી, ભગત સુતાવા ને જાગેઆ તે જુગારી.'

તેમની કવિતાઓમાં ભક્તિભાવ તેમજ અધ્યાત્મનો ભાવ વિશેષ દેખાય છે. 'અખંડ ડીઓ.' 'સરોવર વેઓ સુકી,' 'સોણેમેં ફાવેરા' 'જીઓજી', 'વિમલનાથ જા મુખડા ડિઠા,' વિગેરે રચનાઓ આ પ્રકારની છે.

હસતાં હસતાં ગંભીર વાત કહી દેવાની તેમની ફાવટ 'સેવકજી' કાવ્યમાં જોવા મળે છે. આજના નેતાઓ પર અહીં કટાક્ષ છે. પ્રકૃતિપ્રેમ તેજના લોહીમાં વણાયેલો છે. તેની કવિતા 'મીં'માં વરસાદ પડી જતાં ખડું થતું દ્રશ્ય અપાયું છે. વતનપ્રેમીની કવિતા 'અસાંજો કચ્છ'માં તેઓ આ ખમતીધર ભોમકાને ખમા ખમા કરે છે.

કવિ તેજની રચનાઓની ખાસિયત એ છે કે તેઓ ટૂંકી રચનામાં ધારદાર ચોટ આપે છે. ભાવકને તે વાંચીને કે સાંભળીને સહેજ સ્મિત આવે ને પછી .... તે વિચારમાં પડી જાય અને વિષાદમાં પણ પડી જાય. આ રીતે કવિ તેજ એક સમર્થ કવિ છે.

**- રજનીકાંત સોની**


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
**તન મન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ
**9323360708/25903514-5-6**
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

લોકસભાની ચુંટણીનું મતદાન શરુ થઈ ગયું છે. શરૂઆતના રાઉન્ડમાં સૌ ઠેકાણે વધુ મતદાનના વિક્રમો થઈ રહ્યા છે. તે આપણી લોકશાહી દ્રઢ થવાના એંધાણ આપે છે. આપણે પણ મતદાન કરી અને પ્રેરી રાષ્ટ્રીય વિક્રમ બનાવવામાં સહયોગ આપી એ.
- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

## અચલગચ્છાધિપતિશ્રીનું અબડાસામાં સ્વાગત

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પુ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. આદિ મુનિ ભગવંતો અબડાસા પધારતાં લઠેરી, ડુમરા, સાંધાણ, સુથરી, સાંયરા, વરાડીયા, સાંધવ ગામે પુજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

પુજ્યશ્રી અબડાસા પંચતિર્થીનાં કોઠારા ગામે પધારતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સામૈયું કરવામાં આવેલ. મુરજીભાઈ શાહ, રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, પ્રભાતસિંહ જાડેજા, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, ચન્દ્રકાન્ત મુનવર તથા આજુ - બાજુના ગામડાઓનાં શ્રાવક - શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં સૌમૈયામાં જોડાયા હતા.

ઉપાશ્રયે પહોંચી પુજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પુ. મુનિશ્રીઓએ અબડાસાના પુર્વજો અને જિનાલયોનાં ઈતિહાસ વર્ણવી ધર્મ - ભક્તિનો અનેરો મહિમા સમજાવ્યો હતો. તોરલબેને આવકાર ગીત રજું કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યુ હતું. આ પ્રસંગે વ્યક્તિ દિઠ રૂા. ૭૦ નું સંઘ પુજન કરવામાં આવેલ. બાપેરનું સ્વામિવાત્સલ્ય તથા સંધ્યા ભોજન શ્રીમતી લીલમબેન દેવજી પાલાણી પરિવાર વર્સોવા અંધેરી દ્વારા યોજાયું હતું. પુજ્યશ્રી કોઠારાથી વિહાર કરી વારાપધર, પરજાઉ, વાંકુ, રાપર ગઢવારી, સિંધોડી થઈને જખૌ તિર્થે પહોંચ્યા હતા. ત્યાંથી લાલા, જશાપર, તેરા તીર્થે થઈ બાંડીયા ગામે ત્રિ - દિવસીય મહોત્સવે પહોંચશે.

## સકલ જૈન સમાજ રાયપુર દ્વારા શ્રી મહાવીર જયંતી ઉત્સવ સમિતીનું ગઠન

શ્રી સકલ જૈન સમાજ રાયપુર દ્વારા શ્રી મહાવીર જયંતી ઉત્સવ સમિતિનું ગઠન કરવામાં આવેલ - જેમાં આપણી જ્ઞાતિના શ્રી તરૂણ શીવજી લોડાયાને સરંક્ષક, શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા ને પ્રમુખ સલાહકાર, શ્રી રતિલાલ કેશવજી શિયાડ, શ્રી પ્રવિણ માણેકજી મૈશેરી - સંયુક્ત સચિવ, શ્રી હરીશ જવેરચંદ લોડાયાને વિશેષ આમંત્રિત, શ્રી અમિત હીરાચંદ મૈશેરી, શ્રી ભાવિક શશીકાન્ત નાગડા - સહ સચિવ, શ્રી અમિત કુલિનકાન્ત જીવાણી ને પ્રચાર સમિતિ, શ્રી હિતેશ શરદ મોમાયા વિત્ત સમિતિસભ્ય, શ્રી જયેશ કલ્યાણજી નાગડા - સાંસ્કૃતિક સમિતિ (પુરૂષ), શ્રીમતી વીણા સચિન મોમાયા, શ્રીમતી દીપા નયન છેડા, શ્રીમતી હેતલ ગીત શિયાડ ને સાંસ્કૃતિક સમિતિ (મહિલા), શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરી (જુલુશ વ્યવસ્થા), શ્રી યોગેશ મોમાયા, શ્રી સુર્યકાન્ત મૈશેરીને ભોજન વ્યવસ્થા, શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી (પુજા સમિતિ), શ્રી નયન સતીશ છેડા - યુવા સમિતિમાં અને શ્રી દીપેશ જે લાલકાની - પ્રશાસનિક વ્યવસ્થા સમિતિમાં નિમણુંક કરવામાં આવેલ છે.

૧૫ દિવસની ઉજવણી કરવામાં આવશે. સકલ સંઘનું સ્વામી વાત્સલ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ, દરરોજ સવારના પ્રભાત ફેરી સહિત અન્ય ઘણા કાર્યક્રમ રાખવામાં આવ્યા છે.

## ડોંબીવલીમાં શિબિરઃ બીઝી લાઈફમાં ઈઝી ધર્મ

શ્રીમદ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેંટર દ્વારા ડોંબીવલી પુર્વમાં માનપાડા રોડ પર શનિશ્વર મંદિરની સામે હોરાઈઝન હોલમાં રવિવાર તા. ૨૦.૦૪.૨૦૧૪ ના બપોરના ૩.૩૦ થી રાત્રે ૯ વાગ્યા સુધી **બીઝી લાઈફમાં ઈઝી ધર્મ** નામે, પોઝીટીવ થિંકીગથી જગ સાથે મેળકરી જિંદગી કેમ જીવાય તે અંગેની શીબીરનું આયોજના કરવામાં આવ્યું છે.

રજીસ્ટ્રેશન ફી ડીનર સાથે રૂા. ૫૦ છે. સંપર્ક : ચંદ્રેશ લોડાયા 9820851477, ખ્યાતી શહા : 9920685890, પ્રજ્ઞા લોડાયાઃ 9930905667

## પ.પુ. વિજય કિર્તીયશસુરીશ્વરજી મલકાપુર પધાર્યા

પ.પુ. વિજય કીર્તીયશસુરીશ્વરજી થોડા સમય પહેલાં મલકાપુર પધાર્યા હતા. ત્યારે ત્યાં ઘણા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પુજ્યશ્રીએ ધાર્મિક કાર્યોને નિશ્રા આપી યાદગાર બનાવ્યા હતા.

પુજ્યશ્રીનું સામૈયું કરવામાં સંઘપતિ શ્રી નરસીભાઈ દંડ પરિવારે અગ્ર ભુમિકા ભજવી. પુજ્યશ્રીનું પ્રવચન સાંભળવા મલકાપુરના જૈનો ઉપરાંત જૈનેતર ધર્મ પ્રેમીઓ પણ પધાર્યા હતા. આ દિવસોમાં સ્થાનિક જિનાલયોમાં સાધર્મિક ભક્તિ અને આંગીની રચના થઈ હતી.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સચીન દિલીપભાઈ મોતા** | પુજા અપાર્ટમેન્ટ, એ -૪, બીજા માળે, મનહર પ્લોટ, સ્ટ્રીટ નં. ૪, માનગડા મેન રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨ |
| **લોકેશ બી જૈન** | ફ્લેટ નં. ૨૧૦૧, બી વિંગ, પાર્ક રોયલ, મદન મોહન માલવીયા રોડ, ટેલીફોન એક્સચેંજ ની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), ૪૦૦૦૮૦ |
| **લહેરચંદ પદમશી સાંયલા** | બી-૧૩, પરમેશ્વર અપાર્ટમેન્ટ, ત્રીજા માળે, લોટસ સ્કુલની સામે, ગોવિંદવાડી, ઈશાનપુર, અમદાવાદ - ૩૮૨૪૪૩ |
| **લલીત વાલજી શાહ (મોતા)** | ફ્લેટ નં. ૪, શ્રી સમર્થ એવીન્યુ, કર્મ યોગી નગર, રાજે સંભાજી વ્યાયામ શાળાની બાજુમાં, નાશિક - ૪૨૨૦૦૮ |
| **રાજેશ પ્રફુલચંન્દ્ર લોડાયા (શાહ)** | ફ્લેટ નં. ૧૨, બિલ્ડીંગ નં. ૧૮, વિશ્રાંત સોસાયટી, વિશ્રાંતવાડી, પુણે - ૪૧૧૦૧૫ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **સચીન દિલીપ મોતા** | 09662522360 / 09427568360 | **રાજેસ પ્રફુલચંન્દ્ર લોડાયા** | 09699930696 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

| | | | | |
|---|---|---|---|---|
| | | **સગપણ** | | |
| ૦૧.૦૪.૧૪ | ડોંબિવલી | જીનેન તિલક કુંવરજી લાલકા | બાડીંયા | ૨૫ |
| | મલાડ | અંજલી હરીશ ગોવિંદજી ધુલ્લા | બાંડીયા | ૨૪ |
| | | **લગ્ન** | | |
| ૨૬.૧૨.૧૩ | ધાવણગીરી | હર્ષદ શીરીષ કિશોર લોડાયા | નલીયા | ૨૭ |
| | બેલ્લારી | હિરલ ઝનક કિશોર ખોના | નલીયા | ૨૫ |
| | | **મરણ** | | |
| ૦૪.૦૪.૧૪ | વડોદરા | દિનેશ રતિલાલ કચરા નાગડા | જખૌ | ૬૮ |
| ૦૪.૦૪.૧૪ | કલ્યાણ | ધીરજલાલ ધનજી સુરચંદજી ગાલા | તેરા | ૬૯ |
| ૦૬.૦૪.૧૪ | ડોંબિવલી | હંસ વીપીન વર્ધમાન લુઠીયા | નાની ખાવડી | ૨ માસ |
| ૦૮.૦૪.૧૪ | ટીટવાલા | મીના ટોકરશી પદમશી નાગડા | નલીયા | ૫૬ |

## પંચગીની આરોગ્ય ધામને વિશેષ બનાવતા મહાનુભાવો

અમે કે.ડી.ઓ. સીનીયર સીટીજન ડિગ્નીટી ક્લબના ૪૫ લોકો પંચગિનીની પિકનીકે ગયા હતા ત્યાં અમે શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશીના રાજલક્ષ્મી આરોગ્ય ધામમાં રોકાયા હતા. શ્રી લક્ષ્મીચંદભાઈ પણ ત્યાં મોજુદ હતા તેથી અમે થોડા પદાધિકારીઓ તેમને મળવા ગયા.

કેટલું સરસ આત્મિયતાથી એમણે સ્વાગત કર્યું ને કાંઈ તકલીફ નથીને એમ પુછયુ. અમે જ્યારે કહ્યું કાંઈ તકલીફ નથી તો તેઓશ્રી ઘણા રાજી થયા ને કહ્યું મને આવક થાય છે તે ગૌણ છે પણ સારી સગવડ મળે એટલે આરોગ્યધામ બંધાવ્યું છે. કેટલી ઉમદા ભાવના?

એમનો વ્હાલો પૌત્ર ચી. યશ પણ ત્યાં આવીને બેઠો. ઘરના વડીલોની નમ્રતા એનામાં જોઈ.

ત્યાં ચાલતા ભોજન ગૃહનું સંચાલન શ્રી હેમંતભાઈ મોતાના (સંચેતી ભવન લોનાવલાવાળા) નિગરાની નીચે છે. ખુબજ મિલનસાર સેવાભાવીને આપણા જ્ઞાતિભાઈને ઉતમોતંમ, સ્વાદિષ્ટ વ્યંજનો પીરસું એવી ભાવનાવાળા હેમંતભાઈ ને શાબાસી

***- વનિતા હરીશ નાગડા***

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ₁day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## મોબાઈલની ચાર ખુબીઓ

મોબાઈલ ફોન તો હવે લગભગ બધાં જ વાપરતા થઈ ગયો છે! પરંતુ આપણી મુશ્કેલીના સમયમાં તે કેવી રીતે મદદ કરે છે તે કદાચ બહુ ઓછો લોકોને ખબર હશે! બોલો તમે ખાસ્સા લાંબા સમયથી મોબાઈલ વાપરતા હશો, પરંતુ શું નીચે જણાવેલ બાબતો જાણો છો?




૧. જો તમારા મોબાઈલ ફોનના કવરેજ એરિયાની બહા હોતો અને તમારે કોઈને ફોન કરવાની તાકીદની જરૂર હોય તો આપના મોબાઈલમાં ૧૧૨ નંબર જોડો! ૧૧૨ નંબર સમગ્ર વિશ્વમાં ઈમરજન્સી નંબર તરીકે માન્ય છે. આ નંબર (એટલે કે ૧૧૨) જોડવાથી તમારો મોબાઈલ ગમે તે નેટવર્ક શોધીને તમને નંબર જોડી આપે છે અને તેથી વધૂ રસપ્રદ બાબત તો એ છે કે તમારા મોબાઈલનું કીપેડ લોક હશે તો પણ આ નંબર લાગશે!




૨. છુપો બેટરી પાવરૂઃ જો તમારા મોબાઈલ ફોનની બેટરી ખુબ જ લો થઈ ગઈ હોય અને ફોન લગભગ બંધ જેવો થઈ ગયો હોય તો ૩૩૭૦ કી દબાવો. આ બટન દબાવતાથી બેટરીમાં ૫૦ ટક્કા જેટલો પાવર વધશે અને રિઝર્વ પાવર, ફરી તેમ બેટરી ચાર્જ કરશો ત્યારે ચાર્જ થઈ જશે!

૩. તમારા મોબાઈલ ફોનનો આઈએમઈઆઈ નં. એનઓ તમે ૦૬ ડાયરીમાં નોધી રાખો. આપના ફોનમાં તમે કી દબાવો તો એક ૧૫ આંકડાનો નંબર સ્કીન પર આવશે! જો ક્યારેક તમારો ફોન ચોરાઈ જાય તો પોલીસ ફરિયાદ સમયે આ નંબર આપવો. પોલીસ સર્વિસ પ્રોવાઈડર મારફત આ મોબાઈલ ફોન ક્યા એરિયામાંથી ઓપરેટ થાય છે તે જાણી શકાશે અને કદાચ ફોન ચોરનાર વ્યક્તિને પકડી ન શકે તો પણ આ સર્વિસ પ્રોવાઈડર આ આઈએમઆઈનં. નબરનો ફોન બંધ કરી શકે છે. જો ચોર સીમકાર્ડ બદલી નાખે તો પણ તેમાંથી ઈનકમિંગ કે આઉટગોઈંગ ફોન થતા નથી. તેથી તે ફોન વાપરી શકે નહીં કે વેચી પણ શકે નહીં!

૪. જે તમારી કારમાં ડોર, રિમોટ કંટ્રોલવાળા હોય અને તમે રિમોટ કારમાં જ ભુલી ગયા હોય અને એ કાર લોક થઈ ગઈ હોય તો? જો આવું થાય તો ગભરાશો નહીં! તમારે સ્પેર (ડુપ્લિકેટ) રિમોટ લેવા ઘરે જવાની જરૂર નથી! તમારા ઘરે જે પણ હાજર હોય તેને મોબાઈલ ફોન પર ફોન કરો! તેને કહો કે ગાડીમાં રિમોટનું અનલોક બટન તેના મોબાઈલ પાસે રાખીને દબાવે! વળી તમે તમારો મોબાઈલ ગાડીના લોકથી એકાદ ફુટ દુર રાખો.... સામે છેડેથી અનલોક બટન દબાવો તો તરત જ તમારી ગાડીનું લોક ખુલી જશે. ગમે તેટલા દુરના સ્થળથી પણ આમ થઈ શકશે!

આમ ઉપરની વાત ધ્યાનમાં રાખો અને ઉપરના સંજોગોમાં તમારા મોબાઈલની કેટલી બધી ઉપયોગિતા છે, તે જાણો!

- સંકલિત

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**